RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 9, Year: 69, December, 2022, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

# જયપુર - રણથંભોર યાત્રા પ્રવાસની ઝાંખી



















# જયપુર - રણથંભોર યાત્રા પ્રવાસની ઝાંખી















# ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા મુંબઈ

જયપુર જલસા






જયપુર જલસા




લોનાવલા સેનેટોરીયમ નવીનીકરણ યોજનામાં



શ્રી અનિલભાઈ શેઠ

લીંબડી નિવાસી (હાલ જુહુ સ્કીમ)

## શ્રી અનિલભાઈ વ્રજલાલ શેઠ

પરિવાર તરફથી

### રૂા. ત્રણ લાખ નું અનુદાન



શ્રીમતી વર્ષાબેન શેઠ

લોનાવલા સેનેટોરીયમ નવીનીકરણ યોજનામાં



શ્રી ભાવેશભાઈ મોદી

વિરમગામ નિવાસી (હાલ – ઘાટકોપર)

## શ્રીમતી સ્વાતિબેન ભાવેશભાઈ મોદી

પરિવાર તરફથી

### રૂા. ત્રણ લાખ નું અનુદાન



શ્રીમતી સ્વાતિબેન મોદી

લોનાવલા સેનેટોરીયમ નવીનીકરણ યોજનામાં



શ્રી અનિલભાઈ શાહ

લખતર નિવાસી – હાલ અંધેરી

## શ્રીમતી દેવીબેન અનિલભાઈ શાહ

પરિવાર તરફથી

### રૂા. ત્રણ લાખ નું અનુદાન



શ્રીમતી દેવીબેન શાહ

## Bio-Data



### PERSONAL DETAILS

Name : POOJAN PARAG GANDHI
Date of Birth : 15-01-1992 Birth Time : 8.02 AM
Birth Place : Ahmedabad
Native Place : Limbdi
Height : 5′7″
Weight : 72 Kgs
Caste : Visha Shrimali Sthanakwasi Jain
Education : MBA (Supply Chain Management & Finance, Arizona State University, Arizona)
Occupation : Senior Project Manager at Walmart
Hobbies : Travelling, Friends, Movies, Hiking, Music, Gym

### FAMILY DETAILS

Father : Parag Rasiklal Gandhi, B.E.(Production)
Occupation : Entrepreneur
Mother : Dr. Jayshree Parag Gandhi, M.B.B.S
Brother : Naman Parag Gandhi, MBA, MS
Occupation : Director at Bristol Myers Squibb, USA
Sister-in-law : Tejsi Naman Gandhi, B. Com
Occupation : Event Management
Grandfather : Rasik Dhanjibhai Gandhi, MBA(IIM-A), B.E.(Mech)
Grandmother : Mandakini R. Gandhi, B.A.(Economics)
Paternal Uncle : Nirav Rasiklal Gandhi, M.S.(Computer Science), B.E.(Elec)
Mosal : Prof. S. S. Vora (Retd. Dean, St. Xavier's college, Ahmedabad)

### CONTACT DETAILS

India : 1, Pushpmala Bunglow, Nr. Vijay Char Rasta,
Navrangpura, Ahmedabad – 380009
USA : 219 Brookfield Dr. Jackson, NJ 08527
Phone : USA Mobile / Whatsapp : +1 732 642 3666
India Mobile : 9825034015 ( Rasik Gandhi)
India Mobile : 6359633666 ( Parag Gandhi - Active between December 29 till January 26,2023)

**VISTING INDIA From December 29, 2022 to January 26, 2023**

Advt.

# BIO DATA



## PERSONAL DETAILS

| | | |
|---|---|---|
| Name | : | **Rushabh Hitesh Barbhaya** |
| Date of Birth | : | **10th January 1994** |
| Height | : | 6 Feet |
| Academic | : | Bachelor of Technology - NMIMS; Masters of Engineering in Engineering Management - Stevens Institute of Technology; Masters of Science in Analytics at Harrisburg University of Science & Technology |
| Profession | : | Business Intelligence Associate at Goldman Sachs, New York |
| Hobbies | : | Photography, Hiking, F1 & Cooking |
| Address | : | Unit 5012, 3 Acres, 400 Claremont Ave, Jersey City, NJ, 07304 |
| Contact | : | +1 (201) 9362751 ; rhbarbhaya@gmail.com |
| Status | : | **H1B approved** |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Caste | : | Zalawadi Sthanakwasi Visha Shrimali Jain |
| Native | : | Pipardi, Near Botad - Gujarat |
| Dada | : | Lt. Shri Vasantlal Ratilal Barbhaya |
| Dadi | : | Lt. Smt. Hansaben Vasantlal Barbhaya |
| Father | : | Hitesh Vasant Barbhaya - 9892330904 |
| Occupation | : | International Ispat (Iron & Steel Stockist) |
| Address | : | 4th Lane Darukhana, Reay Road, mumbai - 400 010 |
| Mother | : | Sonal Hitesh Barbhaya - 9892530904 - Homemaker |
| Brother | : | Parshva Hitesh Barbhaya ( Younger ) |
| Current Res. | : | A-202, Sheetalnath Towers CHS, Sudha Park, Ghatkopar (East), Mumbai - 400077 |
| Permanent Res. | : | A-17 Praful Jyot, Plot No. 2, Garodia Nagar, V. B.Lane (Ext), Ghatkopar - East |
| Fua | : | Bhavinkumar Mahendrabhai Shah - 9821148518 (Rampara - Ghatkopar) |
| Faiba | : | Dipali Bhavin Shah - 9320148518 |
| Fua | : | Tejaskumar Prafulbhai Shah - 9930831223 (Muli - Borivali) |
| Faiba | : | Sheetal Tejas Shah - 8767823339 |
| Nana | : | Shri Sureshbhai Rashiklal Shah - 8928095269 (Ranpur - Borivali) |
| Nani | : | Lt. Smt. Jyotiben Sureshbhai Shah |
| Mama | : | Ashit Sureshbhai Shah - 9819375481 |
| Mami | : | Hemali Ashit Shah - 9820626092 |
| Masi / Masa | : | Preeti W/o. Haren Chandubhai Shah - 9821025218 (Kondh - Ghatkopar) |
| Masi / Masa | : | Julie W/o. Nehal Sureshbhai Kothari - 9820074061 (Limbdi - Ghatkopar) |
| Masi / Masa | : | Sonal W/o. Shrenik Prafulbhai Sanghvi - 9930930611 (Jamnagar - Mumbai) |

## CONTACT DETAILS

**Visiting India : January'23**

Advt.

Bio-Data

II Shree Ganeshay Namah II

II Shree Mahaviray Namah II



# BRIJESH RAJESH GANDHI

| | |
|---|---|
| DOB / TOB | : 19th March 1994 / 10:45am |
| Weight | : 75 Kgs |
| Height | : 5'6" |
| Caste | : Zalawadi Visha Shrimali Sthanakwasi Jain |
| Native Place | : Wadhwan |
| Education | : B.Com |
| Profession | : Iron Broker |
| Hobbies | : Cricket, Travelling & Music |
| Email | : brijesh.gandhi1994@gmail.com |
| Address | : 404, Laxmi Mahal, Daulat Nagar, Rd. No. : 8, Opp. Purnima Hospital, Borivali (East), Mumbai - 400066. |

# FAMILY DETAILS

## PATERNAL FAMILY

| | |
|---|---|
| Dada | : Late Rasiklal Chhotalal Gandhi |
| Dadi | : Late Kamlaben Rasiklal Gandhi |
| Father | : Late Rajesh Rasiklal Gandhi |
| Mother | : Parul Rajesh Gandhi (7208844491) |
| Brother | : Sagar Rajesh Gandhi (Studying) |
| Mota Papa | : Bharat Rasiklal Gandhi (9892386862 - Iron Broker) |
| Mota Mummy | : Sonal Bharat Gandhi (9320221638) |
| Fai | : Late Renukaben Anilkumar Shah (9619982948 - Dahisar) |
| Fai | : Harsha Naresh Kumar Gopani (9323475264 - Sion) |
| Fai | : Rupa Atul Kumar Shah (9819629790 - Matunga) |

## MATERNAL FAMILY

### SURENDRANAGAR

| | |
|---|---|
| Nana | : Jaswantlal Mansukhlal Shah (9428247116) |
| Nani | : Jaya Ben Jaswantlal Shah |
| Mama | : Jatin Jaswantlal Shah (9427394901) |
| Mama | : Samir Jaswantlal Shah (9428247115) |
| Masi | : Bhavna Arvind Kumar Shah (9825522015 - Surendranagar) |
| Masi | : Priti Jayesh Kumar Talsaniya (9821478100 - Vidhyavihar, Mumbai) |

Advt.

BIODATA



# Gaurav Manish Shah

DOB : 1-Nov-1995, 8:16 PM
Place of Birth : Borivali (W), Mumbai

Height : 5'9"

Religion : Zalawadi Sthanakwasi Jain (Visa)

Native : Joravarnagar (Surendranagar)

**Address :**
India Address : 1203, Rashmi Sheela, Near Datta Mandir, Dahanukar Wadi, Kandivali (W), Mumbai,

US Address : 32232 Glen Cv, Apt #5, Farmington Hills, Michigan 48334.

**Contact Details :**
Phone : +16824725527
Email : gaurav.shah991@gmail.com

**Hobbies :**

- Cooking
- Watching Movies
- Music
- Exploring New places

**Work Profile :**
Company : DHL Supply Chain
Position : Industrial Engineer
Visa Status : F1 Visa (Applied for H1B Visa)

**Education :**

1. Master of Science in Industrial Engineering (University of Texas, Arlington)
2. Bachelor of Engineering in Production Engineering (DJ Sanghvi College of Engineering)

**Family Details :**
Grandfather : Late Jagjivandas Chotalal Shah
Grandmother : Anumati J. Shah
Father : Manish J Shah (9223361777)
Occupation : Opticals
Mother : Sujata M. Shah (7738029736)
Brother : CA Dhaivant M. Shah (9930969963)
Sister-in-law : Dhwani D. Shah (8767629294)

**Paternal Details :**
Kaka-Kaki : Sudhir J. Shah & Divya S. Shah
Atul J. Shah & Saroj A. Shah
Fua-Faiba : Ashwin J. Sanghvi & Kalpna A. Sanghvi

**Maternal Details :**
Native Place : Botad
Nana : Kantilal Jagjivandas Mehta
Nani : Late Manjula K. Mehta
Mama-Mami : Chetan K. Mehta & Mona C. Mehta
Tushar K. Mehta & Beena T. Mehta
Masa-Masi : Jitendra S. Shah & Priti J. Shah

**Visiting India in 1st Week of January, 2023**

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

ડિસેમ્બર ૨૦૨૨
વર્ષ : ૬૯ : : અંક : ૯
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ-૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ-૪૦૦૦૧૧. ફોન :૦૨૨-૩૫૭૪૦૮૧૧
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/-+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/-
છૂટક નકલ રૂા. ૭/-

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧-૦૦ થી સાંજના ૭-૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



તમારાં અહીં આજ પગલાં થવાનાં ચમનમાં બધાંને ખબર થઈ ગઈ છે;
ઝુકાવી છે ગરદન બધી ડાળીઓએ, ફૂલોનીય નીચી નજર થઈ ગઈ છે.

શરમનો કરી ડોળ સઘળું જુએ છે; કળી પાંદડીઓના પડદે રહીને;
ખરું જો કહી દઉં તો વાતાવરણ પર, તમારાં નયનની અસર થઈ ગઈ છે.

બધી રાત લોહીનું પાણી કરીને, બિછાવી છે મોતીની સેજો ઉપાએ;
પધારો કે આજે ચમનની જવાની બધાં સાધનોથી સભર થઈ ગઈ છે.

હરીફોય મેદાન છોડી ગયા છે, નિહાળીને કીકી તમારાં નયયની,
મહેકત કોમળ ગુલાબની કાયા, ભ્રમર-ડંખથી બેફિકર થઈ ગઈ છે.

પરિમલ સાથે ગળે હાથ નાખી, કરે છે પવન છેડતી કૂંપળોની;
ગઝબની ઘડી છે કે પ્રત્યેક વસ્તુ પુરાણા મલાજાથીપર થઈ ગઈ છે.

ઉપસ્થિત તમો છો તો લાગે ઉપવન, કલાકારનું ચિત્ર સંપૂર્ણ જાણે.
તમે જો ન હો તો બધા કહી ઊઠે કે, વિધાતાની ક્યાંયે કસર થઈ ગઈ છે.

# મનનો સંગ એ જ દુ:સંગ

**કાન્તિલાલ કાલાણી**

સાંગણિયાના મહાત્માએ સંગ - અસંગ બંનેમાંથી મુક્ત થવા સત્સંગ પર ઉચિત રીતે જ ભાર મૂક્યો હતો. અમારે ત્યાં એક સાધુ આવતા તે પણ હંમેશા કહેતાં : દુ:સંગ સર્વર્થ વ તાજ્યઃ - દુ:સંગનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. તે વખતે તો જીવન વિશે બહુ સમજ નહોતી. પણ મહાત્માના અને સ્વામી શતાનંદના તેમ જ મેરામ ભગત જેવા સત્પુરૂષોના સહવાસમાં આવવાનું થયું ત્યારે સચેત થઈ ગયો. પછી તો જે કોઈ વાત બરાબર સમજાતી નહીં તે અનુકૂળતા મળતાં પૂછી લેતો.

દુર્જનનો સંગ ન કરવો, દુષ્ટ સ્વભાવના મનુષ્યોથી દૂર રહેવું. એ વાત સમજવી અઘરી નહોતી લાગતી. પણ દુ:સંગને બહારના જગત સાથે જ માત્ર સંબંધ છે કે આંતરસૃષ્ટિ સાથેય ખરો, એવો પ્રશ્ન ઊઠ્યા કરતો. એક વખત સ્વામી શતાનંદને મળવાનો અવસર મળતાં મેં ઉપર્યુક્ત પ્રશ્ન પૂછ્યો.

સાંગણિયાના મહાત્માએ સંગ-અસંગ વિશે વાત કરેલી ત્યારે સ્વામી શતાનંદજી હાજર હતા. પણ તે વેળા તેઓ શ્રોતા હતા. હવે વક્તા તરીકેનું કાર્ય બજાવવાનું આવ્યું. એટલે કહે : ''અન્યને વક્તા બનાવવાની કલા તને સારી ફાવી ગઈ લાગે છે ! આ કલા પ્રશંસનીય છે. પણ તું ત્યાં અટકી નહીં જાય તેની મને ખાતરી છે. સાંભળવાને કાન સાથે જ માત્ર સંબંધ નથી. કાન તો માત્ર પ્રવેશદ્વાર છે. શબ્દને ઝીલનાર મન છે. સમયના અભાવે સાંગણિયાના મહાત્મા સંગ અને મનના સંબંધ વિશે વાત ન કરી શક્યા. હવે તે પ્રશ્ન જ કર્યો છે તો મને અત્યારે જે સુઝે છે તે કહું.

''તારી વાત સાચી છે કે સામાન્ય રીતે દુર્જનના સંગને, દુષ્ટ મનુષ્યના સંગને આપણે દુ:સંગ કહીએ છીએ. એવો સંગ તો ન જ કરવો જોઈએ. પણ ખરો દુ:સંગ તો મનનો છે. બીજા લોકો આપણને તારે છે કે ડુબાડે છે એવું ચિંતન કરવાને બદલે આપણું મન જ આપણને તારે છે અથવા ડુબાડે છે તેમ વિચારવું જોઈએ. મનનો યથાતથ પરિચય થઈ જશે પછી ખ્યાલમાં આવશે કે મન તારવાનું કામ કરતું નથી. મનને માયા સાથે સીધો સંબંધ છે, એટલે તે આપણને માયાના ખોળામાં બેસાડી દે છે. મનનો સહવાસ કેળવવાથી માયા અતિ મીઠી લાગવા માંડે છે.

''એટલે ખરેખર નિ:સંગ થવું હોય, અનાસક્ત થવું હોય તો મન સાથેના સંબંધોનો છેડો ફાડી નાખવો પડશે. દુષ્ટતા, નઠારાપણું, આસક્તિ કે સંગ આપણા મનમાં ગૂંચળું વળેલા સર્પની જેમ પડ્યાં છે. અવસર મળતાં તે પોતાની ફેણ ઊંચી કરે છે. આપણે બહારની પરિસ્થિતિનો કે સોબતનો વાંક કાઢીએ છીએ. બાહ્ય પરિબળો પર આપણે છેક ચોકડી નથી મૂકી દેતા. પણ જે કાંઈ સારું કે માઠું બને છે તે પ્રથમ આપણી અંદર આકાર લે છે. અંદરની બુરાઈ, અંદરની આસક્તિ બહારની બુરાઈ કે આસક્તિ સાથે સંબંધ સ્થાપે છે. આપણી અંદર દુ:સંગનો પૂરેપૂરો અભાવ હોય તો દુષ્ટ મનુષ્ય જોડે આપણો સહવાસ થતો નથી. પ્રકાશથી જેમ અંધકાર દૂર રહે છે, તેમ નબળાં તત્ત્વો શુભ તત્ત્વો પાસે ટકી શકતા નથી. આ જ વાસ્તવિકતા છે. પણ આપણને જુદું શિખવાડવામાં આવ્યું છે. દુષ્ટ માણસના સહવાસથી સજ્જન પણ દુર્જન બને છે એવી વાત આપણાં નબળાં મનમાં ઠસાવી દેવામાં આવી છે. ખરેખર તો સજ્જની દુર્જન પર અસર થવી જોઈએ. સજ્જનની સજ્જનતા એટલી બળવાન હોવી જોઈએ કે દુર્જનને પોતાની દુર્જનતા છોડવી પડે. સમાજમાં આપણે ઊલટું જોઈએ છીએ એવી તું દલીલ કરીશ. કંઈક અંશે એ સાચું પણ છે. નબળાં તત્ત્વોની તાકાત ઓછી નથી હોતી. રાવણ કે કંસના બળને ઓછું ન આંકી શકાય. મૃત્યુની અંતિમ ક્ષણ સુધી રાવણે રામને હંફાવ્યા હતા અને અમુક સમય સુધી રામ-લક્ષ્મણને નાગપાશથી બાંધી લીધા હતા. કંસે વસુદેવ-દેવકીને પીડવામાં પાછી પાની નહોતી કરી. દેવકીનાં સાત સંતાનોને તેણે શ્રીફળની જેમ વધેરી નાખ્યાં હતાં અને શ્રીકૃષ્ણને પતાવી દેવા પૂતનાથી માંડી અનેક અસુરોને મોકલ્યા હતા. પણ છેવટે શુભ તત્ત્વે અનિષ્ટનો પરાભવ કર્યો હતો. એમ કહેવાને બદલે હું એમ કહીશ કે જ્યાં ભગવતૂત્ત્વની હાજરી હોય છે. અહંકારનો સદંતર અભાવ હોય છે, ત્યાં અનિષ્ટ ફાવતું નથી. આપણી સજ્જનતા હાંફી જાય છે અથવા પરાજયનો અનુભવ કરે છે. તેમાં અહંકારની હાજરી હોય છે. જેને જીતવાનો ભાવ જ નથી હોતો તેને માટે કદી પરાજય પણ હોતો નથી.

''એટલે હું એમ કહું કે ભગવતૂત્ત્વ સહિતની સજ્જનતા દુષ્ટતાથી ભયભીત થતી નથી. કાલિયાનાગના ધરા વિશે તો તે સાંભળ્યું જ છે. યમુનાના એ ભયંકર ધરા પાસે જવાની કોઈનામાં હિંમત નહોતી. ઝેરના અગ્નિને લીધે તેનું પાણી ઉકળ્યા કરતું હતું અને તેના ઝેરનો અગ્નિ ચોપાસ એટલો બધો પ્રસરતો હતો કે ધરાના કિનારા પરનાં મોટાં વૃક્ષો પણ બળી ગયાં હતાં અને તેના ઝેરી પવનથી પક્ષી મૃત્યુ પામતાં હતાં. કહો કે એ ધરો મૃત્યુનું કુંડાળું હોય તેવો ભયાનક હતો. વર્ષો સુધી તેની સમીપ જવાની કોઈએ હિંમત કરી નહોતી.

''શ્રીકૃષ્ણે આ હિંમત કરી એટલું જ નહીં, એમણે કાલી નાગને નાથ્યો અને એ ધરાને છોડી નાગને ચાલ્યા જવું પડ્યું. અહીં ભગવત્તત્ત્વનો વિજય થયો છે. ભગવત્ તત્ત્વથી અંકિત એવા શુભ તત્ત્વે અશુભનો ભય શા માટે રાખવો ? પ્રકાશે અંધકારથી શા માટે બીવું ? પ્રકાશનાં પગલાં પડ્યાં કે અંધકારે ખસવું જ પડે છે.

❖❖❖



# પ્રસાદ

ફાધર વાલેસ

**સ્વા**દ મીઠો છે - મોંમા ને અંતરમાં. જીભને એનો સ્પર્શ થતાં એક પળમાં મોં ગળ્યું થયું - અને દિલમાં ધન્યતા ફેલાઈ. એ કોળિયામાં ચમત્કાર છે. એ મિષ્ટાનના ટુકડામાં ભારે શક્તિ છે. જીવનની કડવાશ ભુલાવવા શક્તિ છે. અંતરની શ્રદ્ધાને પુષ્ટ કરવા શક્તિ છે. એ પ્રસાદ છે.

મંદિરમાં મળેલો પ્રસાદ છે, દેવનો આશીર્વાદ પામેલો પ્રસાદ છે, સંતપુરુષના હાથે પ્રાપ્ત થયેલો પ્રસાદ છે. એ દર્શન કર્યા પછી મળ્યો, આરતીની ફલશ્રુતી તરીકે મળ્યો, યજ્ઞની પૂર્ણાહુતિ રુપે મળ્યો. એ ભક્તિથી હાથમાં લેવાયો, મોંમાં મુકાયો, ગળી જવાયો, અને એક ક્ષણ આંખ બંધ કરી ને એની મીઠી અસર મનમાં ને દેહમાં પ્રસરી ગઈ.

પ્રસાદ છે.

ભક્તિનું ફળ, કૃપાનું વાહન, શ્રદ્ધાનો પુંજ. ધરતીની પેદાશ છે, માણસના હાથની બનાવટ છે, ભગવાનની પ્રસન્નતાનું પ્રતીક છે. મિષ્ટાનના એ નાના ટુકડામાં હૃદયના ભાવને ધર્મના સંસ્કારો ઠાંસીને ભરેલા છે.

પ્રસાદ પ્રથમ તો માણસ જ ધરે છે. એનું અર્પણ છે, એનું નૈવેદ્ય છે. ભક્ત શ્રીફળ લાવે-પૂજારી કોપરું આપે. માણસ અર્ધ્ય ન આપે તો ભગવાન પ્રસાદ હાથમાં ન મૂકે. પ્રસાદનું નાળિયેર માણસના ખેતરમાં ઊગે, પ્રસાદ ના પેંડા માણસના રસોડામાં બને. પુરુષાર્થ વિના કૃપા ન ઉતરે. મહેનત વિના પ્રસાદ ન મળે. માણસનો શ્રમ જોઈએ, ઉદ્યમ જોઈએ, ખેતી જોઈએ, મજૂરી જોઈએ. માણસના હાથમાં અ નૈવેદ્યનું નાળિયેર જોઈએ. એ લઈને જ દર્શને અવાય. એ લઈને જ મંદિરમાં દાખલ થવાય. એના ઉપર ભગવાનનો આશીર્વાદ ઉતરે. અને એ ધરતીના ફળનો દિવ્ય પ્રસાદ બની જાય.

એ શ્રીફળ ધરવામાં આવે એ વળી કોનું પ્રતીક ? એ નાળિયેર મારા હાથમાં છે તે હમણાં હું પૂજારીના હાથમાં મૂકવાનો છું એ કોનું સ્થાન લે છે ? એ મારું સ્થાન લે છે, મારું પ્રતીક છે,. મારું પ્રતિનિધિ જ છે. મારી જાતને પ્રભુને ચરણે અર્પણ કરવા માગું છું એ મારા હાથમાંનું આ શ્રીફળ કરી રહ્યું છે. મારા આ જડ દેહનું હું પ્રભુને ચરણે સ્થૂળ અભિનયથી મૂકી ન શકું. એ મૂકું તોય પેલો પૂજારી એને લઈને શું કરવાનો હતો ? માટે એને બદલે આ પ્રતીક મૂકું, આ સંકેત મૂકું. આ નાળિયેર મૂકું. એમાં એ ભાવના છે, એ અર્થ છે. એ નાળિયેર એટલે હું. એની ભેટ એટલે મારું અર્પણ.

'લો આ નાળિયેર' એટલે 'લો આ મારું જીવન તમે એ સ્વીકારો, તમે ચલાવો, અને હજી મારે ચલાવવાનું હોય તો તમારે નામે ચલાવીશ, તમારી રીતે ચલાવીશ.' એ પ્રતિજ્ઞા છે. એ શરણાગતિ છે. દિલમાં એ ભાવના હોય તો જ ભગવાન એ નૈવેદ્ય સ્વીકારે અને તો જ એ શ્રીફળ હવે મારા હાથમાંથી ગયું. મારું મટી ગયું. ભગવાનના હાથમાં ગયું. એનું જ બન્યું. એટલે કે હું એનો બન્યો. મારો મટી ગયો. એ પૂજાની પ્રક્રિયા છે. મારું જીવન ભગવાનના હાથમાં છે, મારું અર્પણ એની સાથે એકરુપ થઈ રહ્યું છે.

પૂજારી શ્રીફળ હાથમાં લે છે. જરા સાફ કરે છે. પછી ધા કરે છે. ઉપરનો ભાગ છૂટો કરે છે. પાણી રેડે છે. શ્રીફળનો શ્વેત, નિર્મળ, મૃદુ ગર ખુલ્લો કરીને મૂર્તિની આગળ ધરે છે. અને એનો થોડો ભાગ પાછો ભક્તના હાથમાં મૂકે છે.

એ પ્રસાદ છે. માણસે ધરેલું, ભગવાને સ્વીકારેલું, પોતાનું કરેલું ને પોતાનું કરીને પાછું આપેલું નૈવેદ્ય એ પ્રસાદ. આટલા વિધિમાં એ નાળિયેરમાં કેટલો ફેર પડ્યો છે, કેટલું પરિવર્તન થયું છે ! આપ્યું હતું ઝાડનું ફળ, અને મળે છે સ્વર્ગનું વરદાન; આપી હતી ખાવાની વાનગી, અને મળે છે દિલમાં ઉતારવાનો આશીર્વાદ.

હા, નાળિયેર પર ઘા પડ્યો હતો. ઘા વિના કોઈ પરિવર્તન ઓછું થતું હશે ? મારા પ્રતિનિધિરૂપ નાળિયેર ઉપર જાગૃતિ, વૈરાગ્ય બલિદાનનો ઘા પડ્યો હતો. ઘા પડ્યા વગર નાળિયેરની બે કકડા ન થાય, એનો ગર્ભ બહાર ન આવે ને એનો પ્રસાદ ન બને. સંસારનો ધક્કો લાગ્યા વગર માણસ જાગી ન ઊઠે, સુધરી ન જાય, ત્યાગ કરવા તૈયાર ન થાય. માટે પૂજામાં એ વિધિ છે, યજ્ઞમાં એ સંકેત છે. સમર્પણ છે એટલે નવજીવન છે; ઘા છે એટલે ચેતના છે. શ્રીફળની તો ખૂલવામાં, તૂટવામાં અતંરનું પાણી રેડવામાં જ ખરી સાર્થકતા છે. પ્રાણ પાથરવામાં જ પ્રસાદ બનવાનો એનો અધિકાર છે.

પૂજારી શ્રીફળનો શ્વેત, નિર્મળ મૃદુ ગર ખુલ્લો કરીને મૂર્તિની આગળ ધરે છે અને એનો થોડો ભાગ પાછો ભક્તના હાથમાં મૂકે છે. ને એ પ્રસાદ હાથમાં આવે છે. આખો નહિ, એનો થોડો ભાગ. કેમ ? કેમકે બીજો ભાગ, મોટો ભાગ તો ભગવાન પાસે રહે છે. હવે આપણે એની સાથે એનો સ્વાદ કરવા બેઠા છીએ, ભગવાન અને આપણે

જાણે ભોજન કરવા બેઠા છીએ. પ્રસાદનું ભોજન. શ્રીફળનો સ્વાદ. માટે એનો ભાગ મોટો ભાગ તો ભગવાન પાસે રહે છે. હવે આપણે એની સાથે એનો સ્વાદ કરવા બેઠા છીએ, ભગવાન અને આપણે જાણે ભોજન કરવા બેઠા છીએ. પ્રસાદનું ભોજન. શ્રીફળનો સ્વાદ. માટે એનો ભાગ મોટો ને આપણો નાનો. એનો વારો પહેલો ને આપણો પછી. પણ છે તો એક જ ફળના બે કટકા, એત ભોજનની બે બેઠક. ભગવાન સ્થૂળ હાથે એ પ્રસાદ લેવાનો નથી; એને નામે એનો પૂજારી લેશે. પણ છે તો એની થાળી ને એનો ભાગ. એ અને આપણે. ભગવાન અને ભક્ત. એક જ મિજબાનીએ, એક જ પંગતમાં. અને એ ભોજનવ્યવહારથી ભગવાનનો અને આપણો નાતો બંધાયો. ભગવાનની સાથે ભોજનમાં બેઠા એટલે ભગવાનના કુંટુંબના છીએ, ભગવાનની જ્ઞાતિના જ છીએ એ ફલિત થયું. આપણે ધરેલું ફળ એણે સ્વીકાર્યું, એણે પીરસેલો પ્રસાદ આપણે આરોગ્યો. એમાં આપણી સગાઈ બંધાઈ, આપણી એકતા સર્જાઈ. પ્રસાદમાં એકરૂપતાનો સંકેત છે, અદ્વૈતનો સંદેશ છે.

એ અદ્વૈત ને એ એકરુપતા મૂળ તો ભગવાનની સાથે છે, પણ એમાંથી માણસ માણસ વચ્ચેની એકતા પણ નીતરે છે. પ્રસાદ એકલા ન ખવાય. ખૂણામાં ભરાઈને ન ખવાય. એકાંતમાં જઈને ન ખવાય. પ્રસાદ વહેંચીને ખવાય, બીજાઓની સાથે ખવાય. બીજાઓની વચ્ચે ખવાય. અને તેથી બીજાઓની સાથે પણ એકતા ને આત્મીયતા બંધાય. જ્ઞાતિભોજન છે. કુટુંબમેળો છે. સાથે જમ્યા એટલે સાથે જીવવાનું એનો. ભગવાનનો પ્રસાદ લીધો એટલે ભગવાનના કુળના બન્યા. હવે બધા સગાઓ ને બધા ભાઈઓ. બધાને માટે પ્રેમ ને બધાની સાથે મેળ. એ પ્રસાદનો પ્રતાપ છે. યજ્ઞનો પ્રભાવ છે. કોઈની સાથે વેર હોય તો પ્રસાદ ન લેવાય. કોઈની સાથે ઝઘડો હોય તો ભગવાનનું ભોજન ન સ્વીકારાય. પ્રસાદમાં સંપનો ગુણ છે, એકતાના સંસ્કાર છે. દિલમાં પ્રેમ રાખીને લેવાય, બધાની સાથે સમાધાન કરીને ને શાંતિ રાખીને લેવાય. અને તે એ રીતે ને એ ભાવનાથી લઈએ તો સુલેહ ને શાંતિ ને પ્રેમ ને એકતા સાચવવા ને વિસ્તારવા એમાં જે શક્તિ છે તે ખીલશે.

પ્રસાદ એમ ને એમ ન લેવાય. આવ્યો એટલે લીધો, દાદીમા મંદિરેથી લાવ્યાં એટલે ખાવો પડ્યો એ બેદરકારીથી ન લેવાય. ભાન સાથે લેવાય, જવાબદારીની સાથે લેવાય. આત્માનું સમર્પણ છે, ભગવાનની બક્ષિસ છે, સંપનો વિધિ છે. અદ્વૈતનો પ્રયોગ છે. ને એકવાર પ્રસાદ લીધો એટલે હવે બીજી બધી વાનગીઓમાં પણ પ્રસાદ જોઈશું, રોજના આહારમાં અને સામાન્ય ભોજનમાં પણ પ્રસાદનો ભાવ જોઈશું, પ્રસાદનો સ્વાદ માણીશું. એ ખોરાક પણ આપણી મહેનતથી અને ભગવાનના આશીર્વાદથી મળ્યો છે. એ અનાજ ને એ ભાજી, એ મીઠાઈ ને પકવાન પણ આપણા શ્રમનું ફળ છે, ભગવાનની કૃપાનું દાન છે. માટે રોજની ખીચડી પણ પ્રસાદ અને લૂખો રોટલો પણ પ્રસાદ. ઘરનું ભોજન પણ પ્રસાદ અને ઓફિસનો નાસ્તો પણ પ્રસાદ. ઘરનું ભોજન પણ પ્રસાદ અને ઓફિસનો નાસ્તો પણ પ્રસાદ. એમાં પણ એ ભાવના છે, એ વિધિ છે, એ ધર્મ છે. એમાં પણ સમર્પણ ને કૃતજ્ઞતા, શક્તિ ને પુષ્ટિ, એકતા ને મિત્રતાના ભાવ છે. એ પણ પવિત્ર છે, પુણ્ય છે.

મંદિરનો પ્રસાદ લઈને ઘરનો પ્રસાદ લેવા લાયક બનીએ – એટલે કે એ પણ પ્રસાદ છે એ ભાન ને એ માન સાથે એ લેતાં શીખીએ ત્યારે ખરેખર એ પ્રસાદનો ગુણ દેખાય, એની મંગલકારી અસર આખા જીવન પર ફેલાય, શ્રદ્ધા ને ભક્તિ, બલિદાન ને શરણાગતિ, સુમેળ ને શાંતિનાં વરદાન એ આપતો જાય. ભગવાનનો પ્રસાદ દેહનો ને મનનો સાત્વિક ખોરાક બની જાય.

❖❖❖



## શુભ ઘડી

**હરિને સ્મરીએ તે શુભ ઘડી જાણવી**
**મંગળ વેળા વરતીને પૂરણ માણવી**
**હરિને સ્મરવાનું મહૂરત ન નીકળે**
**રુદિયે હરિ સાંભર્યા તે પળ ઝળહળે**
**હોઠે હોય ભલે વજ્જર- સાંકળો**
**આતમ બોલે, આતમરામ સાંભળે**
**હરિ પદ્મ-અંકિત પગલી પરમાણવી**
**હરિને સ્મરીએ તે શુભ ઘડી જાણવી**
**ચન્દન મ્હોર્યાનું હોય નહીં ટીપણું**
**તત્ત્વ ગ્રહીને ત્યજી દેવું ટૂંપણું**
**રાતના અંધારાની કરવી શું રાવ રે ?**
**પાંદડું સળવળ્યે સમજવું મોંસૂઝણું**
**વ્હાલોજી આવ્યાની ટૂંકડી વધામણી**
**હરિને સ્મરીએ તે શુભ ઘડી જાણવી**

**ભગવતીકુમાર શર્મા**



# કન્યાદાન

*પૂ. કૈલાસ આન્ટી તથા પૂ. મહેશ અંકલ.*

પત્રની શરૂઆત કેવી રીતે કરવી તે સુઝતું નથી. આમ એકાએક બધો જ ભાર-બોજ મારા શિરે આવી પડશે એવી મેં ક્યારેય પણ કલ્પના કરી ન હતી.

આવા સમયે મમ્મી મને સહેજે યાદ આવી જાય એ સ્વાભાવિક છે. મમ્મી મને કહેતી : ''આવી પડેલી આપત્તિને ક્યારેય પણ દુઃખ ન સમજવું, એને કસોટી જ સમજવી.'' દુઃખ, સુખ કસોટી આપત્તિ, ભાગ્ય, મૃત્યુ, જુદાઈ, કર્મ આ બધાજ શબ્દોના અર્થને હું સમજી શકું, વિચારી શકું એવડી તો હું થઈ ગઈ છું. નાની હતી ત્યારથી જ મમ્મીએ મને જીવનના આ બધા મુદ્દાઓ વિષે કેળવી છે. હવે મેં મા-બાપા ગુમાવ્યા છે. જીવનની આ પળોમાં મારે કોઈના સહારાની, કોઈની સલાહની ઘણી જરૂર છે.

તમને મારો આ પત્ર વાંચતાં વાંચતાં થશે કે આ સમજાય એવો પત્ર કોનો હશે ! કોણ હશે આ માધવી ! ! તેને જે કહેવું હોય તે સ્પષ્ટ કેમ જણાવી દેતી નથી ?

કૈલાસ આન્ટી, અંકલ ! આજ સુધી હું તમારું નામ પણ જાણતી ન હતી. અરે ! તમને ઓળખતી પણ નથી. પરંતુ હવે જોગ-સંજોગ એવા ઊભા થયા છે કે મારે માત્ર તમને જ લખવું પડે એવી સ્થિતિ સર્જાય છે. અને તેથી તો કાગળ કલમ લીધાં છે.

બે મહિના પહેલાં મારા (રાજુ) પપ્પાના એક ખાસ દોસ્તે કેનેડામાં સ્થિર થયેલા એમના દૂરના કઝીનના દીકરા સાથે મારા એંગેજમેન્ટની વાત કરી, એટલું જ નહીં, આગ્રહ પણ રાખ્યો. મારા પપ્પા જરા ખચકાટ અનુભવતા હતા. પરંતુ મારી (સરોજ) મમ્મી આગ્રહ કરી એમને સમજાવતાં હતાં. 'દીકરીના સુખ માટે આપણે થોડો - ઝાઝો ત્યાગ કરવો જોઈએ. - ને દૂર પરદેશ જતાં એ આપણો વાત્સલ્ય પ્રેમ થોડો ખોવાની છે ? આપણાં વાત્સલ્યનું ઝરણું તો વહેતું જ રહેવાનું.' મમ્મીની સમજાવટથી (રાજુ) પપ્પાએ એંગેજમેન્ટની હા પાડી. મારી સંમતિ હોય તો જ એ શરતે અને આઠ દિવસમાં એ વિધિ સાદાઈથી પતાવ્યો.

આર્શનાં મમ્મી પપ્પા બે પેઢીથી કેનેડામાં સ્થિર થયાં છે. તેના પરિવારની બધી જ સંખ્યા - ભાઈ, વહુઓ, તેનાં સંતાનો બધાં મળી ત્રીસેક થવા જાય છે. બધાં જ સાધન સંપન્ન છે. સુખી છે. પરિવારનાં સૌનાં લગ્ન ત્યાં જ રજીસ્ટ્રેશનથી કે અંગ્રેજી ઢબે થયેલાં છે. પરંતુ મારાં સાસુનાં સાસુ પુષ્પાબા આજે નેવુંનાં થયાં છે. હરતાં ફરતાં છે. એ એવો આગ્રહ રાખે છે કે મારા આર્શનાં લગ્ન ભારતમાં અને હિન્દુ વિધિથી જ કરવાં છે. જેમાં માંડવો બંધાય, હવનમાં અગ્નિ પ્રગટે, હસ્તમેળાપ થાય, કન્યાદાનની વિધિ થાય, માયરામાં જવ-તલ હોમાય, વિધિના મંત્રોચ્ચાર થાય અને આશિષ અપાય.

મમ્મી-પપ્પાએ તો બધું સહર્ષ સ્વીકાર્યું. વરરાજાને પોંખવાની કન્યાની વિદાય વિધિ સુધીની બધી જ તૈયારીઓ એમણે કરવા માંડી.

મમ્મી-પપ્પાએ મને મારે ભણવું હતું એ ભણવા દીધું છે. મારા ઉછેરમાં પૂરા સ્વાતંત્ર્યનો હંમેશાં કાળજીપૂર્વકનો ખ્યાલ રાખ્યો છે અને મારા વિવેક વિકાસની પૂરી સમજદારીથી મને ઘડી છે. એમની ઈચ્છા હતી ડોક્ટર બનાવવાની, પરંતુ મારા સ્વભાવને એ વિચાર ફીટ થતો ન હતો આથી મેં કોમ્પ્યુટર એન્જિનિયરીંગની ડિગ્રી હાંસલ કરી. એમ.બી.ઈ. થઈ એમાં એમની જરા પણ રોક ટોક ન હતી. આજે ખ્યાતિ ધરાવતી મોટી કંપનીમાં મોટા પગારની નોકરી મેળવી છે.

વર્ષોથી કેનેડામાં વસતા, આવા ધનાઢ્ય પરિવારના મોભી જેવાં પુષ્પાબા આવાં હિન્દુ લગ્નવિધિનો આગ્રહ શું કામ રાખતાં હશે તેનું મને આશ્ચર્ય થયેલું.

મેં અને આર્શે પણ આ બાબતમાં એક બે વખત ભારતમાં રૂબરૂ મળ્યાં ત્યારે અને પછી અવારનવાર ફોન પર કે ઈન્ટરનેટ પર મળીએ ત્યારે, એટલું તો જરૂર સ્વીકારેલું કે જરૂર પડે તો આ વિધિમાં આપણે બાંધછોડ કરવી.

આવા સમયે મમ્મીએ મને સમજાવેલું, ''માધવી, પુષ્પાબા નેવું વર્ષનાં છે, વૃધ્ધ છે. એ દુભાય કે દુઃખી થાય એવું શા માટે વિચારવું જોઈએ ? એમની પણ એક ચોક્કસ પ્રકારની સમજદારી ઘડાઈ હશે જ !''

મમ્મી પપ્પાની વાત અહીં સુધી તો હું પૂરી સમજી શકી હતી. પરંતુ ઈશ્વર હજુ કંઈક મારી કસોટી કરવા માંગતો હશે !

નસીબની - નિયતિની ગતિવિધિને કોણ ઓળખી શક્યું છે? ગયા અઠવાડિયે જ મમ્મી-પપ્પા અને એના મિત્રના પરિવારે અમરનાથની યાત્રાનો પ્રોગ્રામ બનાવ્યો. મારાં લગ્ન આડે બહુ દિવસો ન હતા તેથી મમ્મીની ઈચ્છા થોડી ઓછી હતી. તેનું મન કચવાતું હતું. ઘણું કામ અધૂરું હતું. પરંતુ બિંદુકાકીના અતિ આગ્રહને તો મને પણ સાથે લઈ જવી હતી. મને કોઈ સંજોગોમાં રજા મળી શકે તેમ નહોતું તેથી એટલું સમાધાન એમણે સ્વીકાર્યું. એ લોકો બેંગલોરથી જમ્મુ પ્લેઈનમાં ગયાં અને જમ્મુથી પહેલગાંવ સુધીની બસ પકડી. સાંજ થઈ રહી હતી. હજુ પહેલગાંવ પહોંચવાને બે કલાકની વાર હશે. એવે સમયે તેમની બસ પર આતંકવાદીઓનો હુમલો થયો. બસમાં બેઠેલા છત્રીસ યાત્રીઓ પૈકી અઢાર બચ્યા તેમાં પણ દશને નાની-મોટી ઈજાઓ થઈ હતી. મૃતકોમાં મમ્મી-પપ્પા અને તેમના મિત્રના પૂરા પરિવારનાં નામો હતાં. સમાચારથી હું સાવ અનાથ બની ગઈ!!

આ સમયે મને મમ્મીનાં વાક્યે સ્વસ્થ રહેવામાં મદદ કરી. ''આવી પડેલી આપત્તિને દુઃખ ન સમજવું. આપત્તિ આપણી કસોટી કરે છે. એ જ્યારે પાર પડે છે પછી નર્યો ઉજાસ ઉજાસ જ છે.'' મમ્મી-પપ્પા અને તેમના મિત્રના પરિવારની અંતિમ ક્રિયા પતી ત્યાં સુધી હું સ્વસ્થ રહી શકી, પરંતુ કેનેડાના સંપર્ક પછી હું સાવ ભાંગી પડી. આર્શને ઈ-મેઈલથી મારી સ્થિતિનો ચિતાર આપ્યો. એમણે તો મને ખૂબ ખૂબ આશ્વાસન આપ્યું. 'હું ભારત આવીશ અને આપણે કોર્ટમાં રજીસ્ટ્રેશન કરાવી લગ્ન કરી લઈશું.' પરંતુ બીજા દિવસે મારાં સાસુના પત્રે મને નિરાશ કરી દીધી. એમણે લખ્યું કે તારી સ્થિતિ અમને સમજાય છે, પણ લગ્ન લઈ લીધાં છે એ ફોક ન થઈ શકે. પુષ્પાબા પોતાના વિચારોમાં મક્કમ છે. લગ્ન કોર્ટ રજીસ્ટ્રેશનથી કરવા અંગે એમની સ્પષ્ટ ના છે. માધવી, જો એ રીતે તૈયાર ન હોય તો આપણે બીજું વિચારવું એવું કહ્યું છે.''

બેટા માધવી, તું આનો માર્ગ કાઢ અને અમને ઊગારી લે. આર્શ તો પુષ્પાબાના નિર્ણયથી સાવ સૂનમૂન બની ગયો છે.

રાતે હું કેનેડાના પત્ર વિશે વિચારતી હતી ને ઈશ્વરને પ્રાર્થના કરી રહી હતી. માના વાક્ય પર મને સંપૂર્ણ શ્રધ્ધા છે : 'હવે તું જ મને આ આવી પડેલ આપત્તિમાંથી ઊગારી લે! મારી બંધ આંખોમાંથી પાણી વહેવા લાગ્યાં.'

અચાનક દશેક વર્ષ પહેલાંનો એક પ્રસંગ મને યાદ આવ્યો.

સાંજ નમવાને હજુ બે એક કલાકની વાર હતી. મમ્મી તેનાં અને પપ્પાના કપડાં કબાટમાં ગોઠવતી હતી અને મનમાં બબડતી હતી! હજુ બે દિવસ પહેલાં જ આ કબાટ મેં સરખો ગોઠવ્યો હતો. એમને કાળજીથી કપડાં લેવાં મૂકવાનું તો કશું ભાન જ નથી!

દૂરથી જ મેં મમ્મીને કહ્યું : 'શું છે! મમ્મી! કોને ભાન નથી?'

'તારા પપ્પાને' એણે કપડાંની થપ્પી મૂકતાં કહ્યું.

'પપ્પાની આવી ટેવ છે એમ માની ચલાવી લે ને?'

'ચલાવું જ છું ને! પચાસ પચાસ વરસથી.'

હું હસી પડી. મમ્મીની નજીક જઈ તેના ખભાપર ઝુકી જઈ વહાલભર્યું બોલી : 'મમ્મી જવાદેને યાર. એ હવે નહીં સુધરે.'

'બેટા મારો પંડ ન હોય ત્યારે એ શું કરશે?'

'એવું ન બોલ મમ્મી! એવું નહીં જ બને.'

'એવું નહીં બને એવી ભવિષ્યવાણી કોઈ ઉચ્ચારે એ હું ન સ્વીકારું.'

'ને આવું બને એવી વાણી હું ન સ્વીકારું, મમ્મી!'

'ભાવિના ગર્ભમાં શું છે એ કોઈ કહી ન શકે માધવી બેટા!'

'મમ્મી તારી આ વાત, તારો આ વિચાર જ અસ્થાને છે.'

'તારી સાથે વિવાદમાં ઉતરવાનું મારું ગજુ નથી.'

'હં... મમ્મી તું હવે ઠેકાણે આવી. વાત બદલતા હું બોલી : આ પટારો મૂકવાનું તું ભૂલી ગઈ મમ્મી.'

'હા એલી!' કહેતાં એની જીભ બહાર ખેંચાઈ આવી.

'શું ભર્યું છે આ નાનકડાં પટારામાં! હું એને ઘણા વર્ષોથી એમ જ જોઉં છું.'

'માધવી બેટા! આમ આવ જોઉં. વહાલથી એણે બોલાવી ને કહ્યું. ઘણા સમયથી તને કહેવાનું વિચારતી હતી. આજ તો કહી જ દઉં.'

અંદર શું હશે એમ ધારતી ધારતી હું નજીક આવી. મમ્મી એ પેટી હાથમાં લઈ કહ્યું : 'સંજોગો એવા બને કે અમે બંને ન હોઈએ અને તું એકલી પડી ગઈ હોય એવું લાગે ત્યારે આ પેટી ખોલી નાના કાગળ પર એક સરનામું લખ્યું છે તેનો સંપર્ક કરીશ તો તને એકલું નહીં લાગે.'

ધીમે હસતાં હસતાં હું બોલી પડી : 'મમ્મી, આવા પાગલ વિચારો ન કરતી હો તો' - એ સમયે મેં મમ્મીની વાત ગંભીરતાથી નહોતી સાંભળી, પણ આ વાત યાદ આવતાં જ હું મમ્મીના કબાટ પાસે દોડી ગઈ અને તેમાંથી પેલો નાનકડો પટારો હળવેથી ખોલીને જોયું તો એક મેલા જેવા

કવરમાં સરનામાની નાની કાપલી હતી. અને તેની સાથે પોસ્ટકાર્ડ સાઈઝનો એક નાનકડો ફોટો હતો. મેં એ ફોટો જોતો તો ખરો પણ એમાં બહુ રસ લીધો નહીં. કુતુહલવશ કાપલી ઉપાડી અને સરનામું વાંચ્યું.

કૈલાસ મહેશકુમાર પાઠક, ૨૧૫/ આમ્રકુંજ, અચલાયતન સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

સરનામું વાંચતા જ મમ્મીએ કહેલી વાત યાદ આવી અને તરત જ તેમને આ પત્ર લખવા બેસી ગઈ હું. આટઆટલાં વર્ષો પછી તો આ જ સરનામે રહેતા હશે એવા વિશ્વાસ સાથે, શ્રધ્ધા સાથે મારો આ પત્ર તમને મોકલું છું.

જો આ પત્ર તમને મળે તો વિલંબ વિના આઠ દિવસમાં નીચે દર્શાવેલા સરનામા પર તમારા પરિવાર સાથે અચૂક પહોંચી જશો. મારું સરનામું ૩૭/સી, ક્રોસ રોડ, વસંતનગર, બેંગલોર - ૫૬૦ ૦૯૫ છે.

ઈશ્વર મને આ કસોટીમાં પાર ઉતારે એવી પ્રાર્થના સાથે વિરમું છું.

એ જ તમારી દીકરી

માધવી જોષીનાં વંદન.

'મમ્મી, તમે માધવીબેનનો કાગળ કેટલી વખત વાંચ્યો ?'

'સુજાતા, તું હજુ મા નથી બની એટલે માના હૃદયનું ઊંડાણ કેટલું હોય છે તેનો અનુભવ નથી.'

'એ ખરું' થોડું અટકી સુજાતાએ કહ્યું : 'પરેશ અને પપ્પાએ તમને આ બે દિવસમાં કેટલીય વખત કહ્યું છે. 'માધવીને ભૂલી જા એની સાથે આપણે શો નાતો ?'

'એ પુરુષો છે એ બધાં હંમેશાં ટૂંક જ વિચારે ?' કૈલાસે ટૂંકૂં પતાવવા પ્રયત્ન કર્યો. ને એ માધવીનો કાગળ વાંચવા લાગી.

સુજાતા વાતને મૂકે એવી નહોતી : 'મમ્મી, તમે જીદ લઈને બેઠાં છો. બેંગલોર કંઈ થોડું નજીક છે ? કે આ બેઠાં ને આ પહોંચ્યા ! થોડું વિચારી એણે ઉમેર્યું, એની ટિકિટ કેટલી થાય એની તમને ખબર છે ?'

હું જાણું છું સુજાતા, આપણી સ્થિતિ એવી સારી નથી. આમ, દોડી જવાની આપણી ત્રેવડ પણ નથી.

'અને છતાં મમ્મી, તમે ગોરબાપાનેય લઈને ત્યાં જવાની જીદ કરો છો.'

'કેટલીક વાતમાં લેખાજોખાં રૂપિયા સાથે ન કરાય સુજાતા.'

'બા, તમારી વાત તો કન્યાદાનની જ છે ને ? આટલે દૂર આપણે જઈએ છીએ એ માટે જ ને.'

'વાત એકલી કન્યાદાનની નથી, સુજાતા ! વાત મારી દીકરી માધવીની છે, વાત પરેશની બહેનની છે, વાત તારી સગી નણંદની છે.' દરેક વાક્યને કૈલાસે ભાર આપી આપીને સુજાતાને કહી સંભળાવ્યું.

સુજાતા કુતૂહલ અને વિસ્મય સાથે તેનાં સાસુ સામે જોઈ રહી. ને મનોમન વિચારવા લાગી : 'આહ, આટલી બધાંની ના છે છતાં બા આટલો આગ્રહ શા માટે રાખી રહ્યાં છે ?' સુજાતા કંઈ સમજી શકતી ન હતી. એ મૂંગી મૂંગી ઊભી રહી.'

'સુજાતા તું મૂંગી કેમ થઈ ગઈ. મારી વાત તને હવે સમજાણી ?'

એણે હા કે ના બોલ્યા વિના જ મૂંગી બની કહી દીધું : 'થોડી થોડી.' બા જ્યારે આવું આવું બોલે છે વિચારે છે, ત્યારે એમાં કોઈ તથ્ય તો હશે જ. એ વધુ ગંભીર બની ગઈ. અને આમ મૂંઝાતી - સમજતી - સમજતી મૂંઝાતી જોઈને એને કૈલાસે કહ્યું : 'મને આ કાગળ પૂરો વાંચી લેવા દે પછી તારે જે કહેવું તે કહેજે, સુજાતા.

કૈલાસે કાગળ વાંચવાનું શરૂ કર્યું ને સુજાતાને થયું : બાએ માધવીબેનનો આ કાગળ નવ-દશ વખત તો વાંચ્યો જ હશે ! અને એની આંખો ભીંજવી હશે.

પત્ર વાંચી કૈલાસને અચાનક કંઈ યાદ આવ્યું ને ક્ષણભરમાં જ એ ઊભી થઈ. પોતાના આણાનો જૂનો પટારો ખોલી તેમાંથી હળવા હાથે જાણે ફૂલછડી ઉપાડતી હોય એમ આલ્બમ કાઢી ટેબલ પર લાવીને તેનાં પાના ફેરવવાં લાગી. જે પાનું એને જોવું હતું તે આવ્યું એટલે આંખો સ્થિર કરી દીધી. ભુતકાળના આ સ્મરણે એનું મોઢું લાલ બની રહ્યું અને આંખો નીતરવા લાગી. વહેતાં આંસુ આલ્બમની છબી પર ન પડે એવી કાળજી રાખી પાલવ વડે લૂછી લીધાં.

સુજાતાની નજર બા પર જ હતી. એ હળવે હળવે એની પાસે ગઈ કહ્યું : 'બા, આમ કેમ ?'

'કંઈ નહીં બેટા ! એ તો અમસ્તુ.' એણે સ્વસ્થ બનવા પ્રયત્ન કર્યો.

'ના બા, મને કહો, આમ સાવ અમસ્તુ ન હોય.'

'આ ફોટો જોઈ મને વિતેલો સમય યાદ આવી ગયો.'

'આ ફોટામાં એવું શું છે બા ?'

'અહીં મારી પાસે બેસ, સુજાતા ! હું તને ભૂતકાળ બતાવું.'

સુજાતા એમની ખુરશી પર જ સાવ નજીક બેઠી. અને આલ્બમના એ ફોટા પર આંખો સ્થિર કરી : 'હં... હવે કહો બા.'

'આને ઓળખે છે તું ?' કૈલાસે આંગળી મૂકી બતાવ્યું.

'ના, બા, એ કોણ છે ?'

'એ પરેશના પપ્પાના પપ્પા છે, મારા સસરા. સુધીરભાઈ એમનું નામ.'

'ને બા તેની પાસે ઊભો છે એ ?'

'એ દાદીમા છે, મારાં સાસુ. એમનું નામ રેવાબેન છે.'

પછી ફોટામાંથી એક સ્ત્રી પર આંગળી

મૂકી કૈલાસે પૂછ્યું : 'આને તો તું ઓળખી જ ગઈ હોઈશ.'

'હા જ તો બા ! - એ તમે છો.' સુજાતા ધીમું હસી પડી. પછી થોડા વિસ્મય ભાવે સુજાતાએ પૂછ્યું : 'બા, તમારી સામે ખોળા પહોળો કરી કોણ ઊભું છે ?'

'એ ઓળખી બતાવ તો ખરી કહું.' કૈલાસે દઢભાવ વ્યક્ત કર્યો.

'ના, બા ! એમને ક્યારેય પણ જોયા નથી.'

'એ મારા જેઠાણી, સરોજ એમનું નામ અને આ ઊભા છે એ મારા જેઠ રાજેન્દ્રભાઈ.'

'પણ બા તમારી સામે આમ ખોળો પહોળો કરી કેમ ઊભાં છે ?' સુજાતાએ કુતુહલ વ્યક્ત કર્યું.

'એમણે એ પહોળા કરેલા ખોળામાં મારાં સાસુ-સસરાની હાજરીમાં મેં મારી દીકરીનું દાન કર્યું હતું અને એ દીકરીનું નામ માધવી છે.' કૈલાસની આંખો વહેવા લાગી. સુજાતાના ગોરામુખ પર આંસુ વહેવા લાગ્યાં.

'હોય નહીં, એ તમારી સગી દીકરી છે બા ?'

'હા બેટા, ત્રીસ વર્ષ પહેલાં મેં મારી દીકરીનું દાન કર્યું હતું તેનો આ જીવતો જાગતો આલેખ છે.'

આ પછી કૈલાસે ટૂંકો ઈતિહાસ કહી સમજ આપી. તારા પપ્પા અને રાજેન્દ્રભાઈ બે સગા ભાઈઓ, મોટા રાજેન્દ્રભાઈ, લગ્ન જીવનનાં અઢાર વર્ષ પછી પણ તેમને સંતાન ન થયું. જ્યારે મારે બે દીકરા અને બે દીકરીઓ. એમાં પાંચમું સંતાન પેટમાં હતું ત્યારે જ અમે બન્નેએ મોટા ભાઈ-ભાભીને પગે લાગી કહ્યું હતું : આ પાંચમું સંતાન તમારું છે. એ દિવસે મારાં સાસુ-સસરા ખુબ જ રાજી થયાં હતાં. પરંતુ ભાઈ ભાભીના રાજીપાનું વર્ણન બાવન શબ્દની બહારનું છે.

દીકરીના જન્મ પછીના બે મહિના બાદ આ વિધિ થઈ હતી.

ઉતાવળથી સુજાતાથી બોલાઈ ગયું : 'તો... તો... તો... બા, આપણે કોઈ પણ સંજોગોમાં બેંગલોર જવું જ જોઈએ.' ઊભી થતાં જ એ બોલી : 'આજ રાતે હું પરેશને વાત કરી મનાવી લઈશ.'

એ જ રીતે કૈલાસે પતિ સાથે વાત કાઢી.

'તમે જીદ છોડો. માધવી આપણી દીકરી છે.'

'જીદ તો તું લઈને બેઠી છે, કૈલાસ ! એ તો મોટા ભાઈ ભાભીની છે. આપણે એના ખોળામાં મૂકી તે દિ'થી.'

'હા એ ખરું, પણ આજે તેઓ હયાત નથી.' થોડું અટકીને ઉમેર્યું: 'આપણું લોહી આમ રડવડે એ આપણાંથી કેમ જોવાય ! દીકરીને મદદ કરવી આપણી ફરજ થઈ પડે છે.'

'કૈલાસ, આ સવાલ બહુ આળો છે. ભાઈ-ભાભીએ એને પોતાની દીકરી જેમ જ ઉછેરી છે એ વિષે મને શંકા નથી.'

'હું પણ આવું જ વિચારું છું.'

'માધવીને આજે ખબર પડે કે તે સરોજ-રાજેનની દીકરી નથી તો એને કેટલો આઘાત લાગે ! અને એ આપણને કેવી રીતે જુએ તેનો તેં વિચાર કર્યો છે ? કુંતીમાતા જેવી તારી સ્થિતિ છે આજે તો !'

'હું એક મા છું. ને દીકરીની માએ આવું કશું જ વિચારવાનું ન હોય.'

'મને બીક લાગે છે, કૈલાસ.'

'શેની વળી બીક ?'

'માધવી આપણી દીકરી છે એ હકીકતની જાણ ભાઈ-ભાભીએ આજ સુધી જાણે અજાણે પણ પ્રગટ થવા દીધી નથી. ભાઈ-ભાભીનું આ રહસ્ય માધવી પાસે ખુલ્લું પડી જશે તો... સ્થિતિ ગંભીર બની શકે ખરી.'

'જેની તમને બીક છે એ વાત આપણે ક્યાં ઉખેડવી છે.'

'તો, શા માટે, શા માટે, આપણે બેંગલોર જઈએ છીએ, કૈલાસ ?'

'માત્ર ને માત્ર કન્યાદાનની વિધિ માટે જ.' કૈલાસે મક્કમતાથી પતિને કહી સંભળાવ્યું.

'કૈલાસ, પછી તું ઢીલી પડી જઈશ તો માધવી અને આપણે દુઃખી દુઃખી થઈ જશું.'

'આજે મને સમજાય છે કે મોટા ભાઈ-ભાભી શા માટે માધવીને લઈ આટલે દૂર જતાં રહ્યાં.'

'એમને એમની દીકરી ઉપરના વ્હાલ - વાત્સલ્યમાં કોઈ કરતાં કોઈનો વિક્ષેપ નહોતો જોઈતો.'

'અને એટલે તો કદાચ આપણો સંપર્ક તોડી નાખ્યો.'

કૈલાસ રાતભર વિતેલા સમયને વાગોળતી રહી. મોટા ભાઈ-ભાભીનાં પેટમાં કોઈ પાપ નહોતું. એમણે તો માધવીને પોતાની કૂખે જન્મી છે એમ ઉછેરી છે અને માધવી પણ કેવી મઝાની છે ? કૈલાસ મોટા ભાઈ-ભાભીને મનોમન વંદન કરી રહી.

વળતે દિવસે જ ગોરબાપાની સાથે હૃદયના ઉમંગભેર સૌ બેંગલોર જવા નીકળી ગયાં.

✧✧✧

હજુ થોડા દિવસો પહેલાં જ માધવીનાં મમ્મી-પપ્પા સરોજ અને રાજેનનું અવસાન થયું છે, છતાં એના બંગલાના મોટા ફળિયામાં સુંદર લગ્નમંડપ શોભી રહ્યો છે. ધીમી ધીમી શરણાઈની સૂરાવલી તથા ઢોલત્રાંસાનાં પડઘમ ધીમા અવાજે વાગી રહ્યાં છે. મંડપને સુગંધિત ફૂલોથી શણગારેલ

છે. નિમંત્રકો અને જાનૈયાઓ પોતપોતાના સ્થાને બિરાજેલા છે. તેમનો ધીમો ગુનગુનાટ ચાલુ છે. માયરામાના હવનના અગ્નિને મંત્રોચ્ચાર દ્વારા ગોર મહારાજ શુધ્ધ ઘીની આહુતિ આપી રહ્યા છે. અને ગોરમહારાજા થોડી થોડી વારે બૂમો પાડી બોલી રહ્યા છે : 'કન્યા પધરાવો સાવધાન !'

મહેશ અને કૈલાસે જોયું તો માધવીનો જમણો હાથ પકડી પરેશ તેને માયરા તરફ દોરી રહ્યો છે. ધીમા પગે માધવી દોરાઈ રહી છે. સૌની આંખો માધવી પર સ્થિર છે.

પોપચાંને નીચાં ઢાળી મુગ્ધ ભાવે માધવી પરેશનો હાથ પકડી માયરામાં પ્રવેશી.

માયરાની જમણી બાજુએ બેઠેલા જાનૈયામાં પુષ્પાબાનો આજે હરખ માતો નથી. નેવું વર્ષનાં વૃધ્ધાના કરચલીવાળા ચહેરા પર જાણે જુવાનીની રેખાઓ ફૂટી આવી ! હા ભાઈ હા, પુષ્પાબાને આજે આવો હરખ શા માટે ન હોય ! ત્રણ ત્રણ પેઢીથી પરદેશ વસેલા પુષ્પાબાના પરિવારમાંથી કોઈનું પણ લગ્ન ભારતમાં અને ભારતની પરંપરામાં જોવા મળ્યું નથી ! એટલે તો આજે એણે લગ્નની બધી જ વિધિ, ટગર ટગર આંખે જોઈ.

હસ્તે મેળાપની વિધિ, કન્યાદાનની વિધિ, જવ-તલ અને ચોરીના ફેરાની વિધિ પુષ્પાબાને આંખોમાં મઢાઈ જતી હતી અને પુષ્પાબા વધુને વધુ ભાવુક બનતાં જતાં હતાં. આજે પુષ્પાબાની મિલિયન્સ ડોલરોની સંપત્તિ સંતોષ ન હતો ! એનાથી વિશેષ સંતોષ - આનંદ એની આંખોમાં જે દૃશ્ય મઢાયાં હતાં તેનો હતો.

લગ્ન વિધિ પૂર્ણ થયા પછી માધવી અને આર્શ મહેશ અને કૈલાસને પગે લાગતાં કહ્યું : 'આશિષ આપો પપ્પા-મમ્મી.' મોટા ડૂસકાં સાથે કૈલાસ રડી પડી, પરંતુ ક્ષણમાં જ મહેશે ધીમા અવાજે કહ્યું : 'સ્વસ્થતા જાળવ કૈલાસ !' અને પછી વરવધૂ સાંભળે એવી રીતે કહ્યું : 'મા બાપનાં આશિષ તેનાં સંતાનો માટે હર ડગલે-પગલે હોય જ છે. બેટા, અમારા આશીર્વાદ છે તમે ખૂબ સુખી રહો. !'

'કાલે સવારે અમારા પોતાના જ એર પ્લેઈનમાં અને બેંગલોર છોડીશું' થોડું અટકી આર્શે નમ્રતાથી કહ્યું : 'માધવી હવે અમારાં પરિવારની બની ગઈ છે.'

*ક્યારે કોઈ ને દગો ના આપતા અને*
*ક્યારેક છોડવાનું થાય તો*
*કારણ આપીને છોડજો, નહિતર*
*એ માણસનું એક એક આંસુ*
*તમારી જીંદગી બરબાદ કરી નાખશે.*

*માણસ સુખની શોધમાં ને શોધમાં*
*કર્મ ને ભૂલી જાય છે.*
*પરંતુ એ જાણતો નથી કે*
*દરેક સુખના છેડાની શરૂઆત*
*તેના કર્મથી થાય છે.*

*ખરાબ સમય આવે ઉપરવાળા નો*
*આભાર માનવાનો કેમ કે ત્યારે જ*
*ખ્યાલ આવે છે કે કેટલા કામના છે*
*અને કેટલા માત્ર નામના...*

*જે બદલી શકાય તે બદલો*
*જે બદલી શકાતું નથી તેને સ્વીકારો*
*અને જે સ્વીકારી શકાતું નથી*
*તેની પાસેથી દૂર થઈ જાઓ.*
*પણ તમારી જાતને ખુશ રાખો*
*તે પણ એક મોટી જવાબદારી છે.*

*મિલ્કત નો વિસ્તાર ભલે મોટો કરો પણ*
*પુણ્યની કમાણી સાથે કરજો કારણ કે*
*ઈશ્વરની બેંકમાં રૂપિયા નથી ચાલતા*
*ત્યાં ફક્ત પુણ્યનું ચલણ ચાલે છે.*

કૈલાસે કહ્યું : 'દીકરીના દાન પછી એ થોડી મા-બાપ સાથે પિયરમાં રહે છે ? અમારા બંનેના આશિષ છે. શત્ જીવમ્ શરદ્.'

'મમ્મી-પપ્પા તમે સૌ કાલે સવારે વિદાય આપવા સમયસર એરોડ્રોમ આવી પહોંચશો. મેં વ્યવસ્થા કરી છે.'

'હા દીકરા' આટલું તો માંડ બોલી શકી ને ડૂમો ભરાઈ ગયો. સવારે વિદાય વેળાએ માધવીએ પરેશના હાથમાં એક મોટું કવર મૂકી કહ્યું : 'પરેશ અમારું પ્લેઈન ઉપડે પછી ઘરે જઈ નિરાંતે કવર ખોલજે.'

માધવીનું પ્લેઈન ઊપડ્યા પછી સૌ પરિવારજનો સાથે ઘરે આવ્યાં. હજુ તો ઘરમાં પ્રવેશ કર્યો ન કર્યો ત્યાં જ પરેશે કવર ખોલ્યું. તેમાંથી એક ચિઠ્ઠી સરી પડી. તેમાં લખ્યું હતું.

'પૂ. મમ્મી-પપ્પા.

આજે તમને આંટી-અંકલનું સંબોધન નહીં કરું. હું મારાં મમ્મી-પપ્પાને હંમેશને માટે સાથે લઈ જાઉં છું. મમ્મી, એક બહુ જૂની તસવીર મારી સાથે છે. તેમાં તું દાદા-દાદીની સાક્ષીએ મમ્મી-પપ્પાના ખોળામાં મને મૂકી રહી છું.

હવે જ્યારે કેનેડાથી પાછી ઈન્ડિયા આવીશ ત્યારે બેંગલોર નહીં ઉતરતા સીધી જ અમદાવાદ આપણા ઘરે આવીશ.

ચિઠ્ઠી સાથે જ બેંગલોરના ઘરની પાવર ઓફ એટર્ની પરેશના નામે કરી છે તેના કાગળો છે. અગ્નિ સાખે જવ-તલ હોમવા માટે બહેને કંઈક ગિફ્ટ તો આપવી જોઈએ ને ?

અત્યારે આકાશમાં ઊડતાં ઊડતાં તમને બંનેને તમારી માધવી દીકરીના પ્રણામ પાઠવું છું.'

કૈલાસ અને મહેશની આંખો છલકાઈ ગઈ.

**– શાનુભાઈ અંધારિયા**

# જીવનભર સાચવી રાખવા જેવી ક્ષણ

**— વીનેશ અંતાણી —**

*સાચો પ્રેમ સિત્તેર, એંસી કે પંચાણુ વરસે
પણ પ્રિયજન સાથે
પહેલી વાર આંખ મળી હોય તે ક્ષણો
સાથે જોડી રાખે છે.*

**ચી**નના પંચાણુ વરસના એક વૃદ્ધને લ્યુકેમિયાનું નિદાન થયું હતું. એને શ્વાસોચ્છ્‌વાસની તકલીફ થવાથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. આરંભિક સારવાર પછી એની તબિયતમાં સુધારો થયો તે સાથે જ એણે ઘેર જવાની હઠ પકડી. એવું પહેલી વાર થયું નહોતું. અગાઉ પણ જ્યારે જ્યારે એને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતો, એ થોડા કલાક પછી ઘેર જવાની હઠ પકડતો. પહેલી વાર એના કુટુંબીજનોને લાગ્યું હતું કે એ એની વૃદ્ધાવસ્થાની હઠ હતી, પરંતુ એણે સાચું કારણ જણાવ્યું ત્યારે બધાને સાનંદ આશ્ચર્ય થયું હતું. કારણ હતું, એની પંચ્યાસી વરસની પત્ની. પત્નીને કિડનીની ઘણી તકલીફ હતી. એ જાતે કશું કરી શકતી નહીં. ઊઠવા-બેસવા માટે, બાથરૂમ જવા માટે કોઈની મદદની જરૂર પડતી. એ ખાવાપીવાની બાબતમાં કોઈનું કહ્યું માનતી નહીં. વૃદ્ધ પતિ જ એની સંભાળ લેતો અને પ્રેમપૂર્વક એને સાચવતો. એથી પતિને જ્યારે પણ હોસ્પિટલમાં દાખલ થવું પડતું, એ તરત જ પત્ની પાસે ઘેર પહોંચી જવાની હઠ પકડતો. ઘરમાં અન્ય વ્યક્તિઓ પણ પત્નીનું ધ્યાન રાખવા હાજર હોય, છતાં એ માનતો કે પત્નીને એના વિના ચાલશે નહીં. એ માટે એ પોતાની ગંભીર બીમારીને અવગણતો હતો. પત્ની પણ પતિની સારવાર માટે સદા તત્પર રહેતી હતી. એમણે લગ્ન વખતે લીધેલી પ્રતિજ્ઞાને જિંદગીભર યાદ રાખી હતી : 'તંદુરસ્તીમાં કે બીમારીમાં અમે એકમેનો સાથ છોડશું નહીં.'

બંને વચ્ચેનો પ્રેમ અને એકબીજા માટેની નિસબત એમના સિત્તેર વરસના લગ્નજીવનની ફલશ્રુતિ હતી. એની પળેપળ પ્રેમ અને માત્ર પ્રેમથી છલકાતી હતી. અરસપરસ નિર્વાજ્ય પ્રેમ, જાતથી પણ વધારે પ્રિયપાત્રની સંભાળ લેવાની ઉત્કટ ઝંખના, એકબીજા માટે બધું ન્યોછાવર કરી દેવાની તૈયારી - કોઈ પણ યુગલના લગ્નજીવનની આદર્શ ફલશ્રુતિ એ જ હોવી જોઈએ.

જાપાનનો એક યુવક હાઈસ્કૂલમાં ભણતો ત્યારથી એક છોકરીના પ્રેમમાં હતો. એ એની સાથે લગ્ન કરવા માગતો હતો, પરંતુ છોકરીનાં માતાપિતા સંમત નહોતાં. તેઓ છોકરીને એના પ્રેમી વિરુદ્ધ ભરમાવતાં રહેતાં હતાં. એ કારણે છોકરી એને પ્રેમ કરતી હતી, છતાં અવઢવમાં રહેતી હતી. છોકરો આગળ ભણવા અમેરિકા જવાનો હતો તે પહેલાં એણે પ્રેમિકાનો હાથ માગ્યો, પણ માબાપના દબાણને કારણે છોકરી સ્પષ્ટ જવાબ આપી શકી નહીં. છોકરો અમેરિકાથી ફોન કરીને એના સંપર્કમાં રહેવાનો પ્રયત્ન કરતો. એક દિવસ છોકરી ઓફિસ જતી હતી ત્યારે એક કાર એની સાથે ભટકાઈ. છોકરી ભયાનક અકસ્માતમાંથી બચી તો ગઈ, પરંતુ મગજમાં ગંભીર ઈજા થવાથી એ બોલવાની શક્તિ ગુમાવી બેઠી. યુવકને તે વાતની જાણ નહોતી. એથી એ ફોન કરતો રહેતો, પરંતુ યુવતી બોલી શકે તેમ નહોતી. છેવટે એણે ફોન લેવાનું બંધ કરી નાખ્યું. છોકરીને ડિપ્રેશનમાંથી બહાર લાવવા માટે માબાપ એને બીજાં શહેરમાં લઈ ગયાં અને ત્યાં એને સાઈન-લેન્ગ્વેજ શીખવી. થોડો સમય વીત્યો પછી એની નિકટની બહેનપણીએ જણાવ્યું કે છોકરો પાછો આવ્યો છે અને એને શોધે છે. છોકરીએ બહેનપણીને કહ્યું કે એ છોકરાને કશું જણાવે નહીં અને એને ભૂલી જવાનું કહે. ત્યાર પછી એક વરસ સુધી છોકરાના કોઈ સમાચાર મળ્યા નહીં. એક દિવસ એ પ્રેમિકાને ઘેર આવ્યો અને પોતાના લગ્નનું કાર્ડ આપ્યું. છોકરીએ એ કોની સાથે લગ્ન કરવાનો છે તે જોવા કાર્ડ જોયું. એમાં એનું જ નામ હતું. છોકરો સાઈન-લેન્ગ્વેજમાં બોલ્યો : 'આપણે આપણા લગ્નજીવનમાં યોગ્ય રીતે સંવાદ કરી શકીએ એ માટે હું એક વરસ સુધી સાઈન-લેન્ગ્વેજ શીખતો રહ્યો, જેથી હું તને કહી શકું કે વાણી નહીં, આપણો પ્રેમ આપણને જિંદગીભર જોડી રાખશે.' યુવકે ફ્રેન્ચ લેખક આન્દ્રે મોરિશની વાત સાચી પાડી કે 'લગ્નજીવન એવો સંવાદ છે, જેમાં શબ્દોની જરૂર પડતી નથી.'

રોમેન્ટિક નવલકથાઓની અમેરિકન લેખિકા રેશાલ ગિબ્સન એની નવલકથા 'ધ ટ્રબલ વિથ વેલેન્ટાઈન્સ ડે' માં લખે છે : 'હું એવી વ્યક્તિ સાથે લગ્ન કરવા માગું છું, જે મને હું જેવી છું તેવી આખી જિંદગી સ્વીકારતી રહે અને હું પણ એ જેવો છે તેવો એને આખી જિંદગી સ્વીકારી શકું. હું દરરોજ સવારે જે ચહેરાને જોઉં, રાતે જે ચહેરાને ડિનર ટેબલ પર જોઉં એની સાથે જ જીવીને વૃદ્ધ થવા માગું છું. હું જ્યારે પણ કોઈ વૃદ્ધ દંપતિને એમના લાંબા લગ્નજીવન પછી પણ એકબીજાનો હાથ પકડીને હસતાં હસતાં પસાર થઈ જતાં જોઉં છું ત્યારે નક્કી કરું છું કે હું પણ એવાં દંપતિની જેમ મારું જીવન જીવીશ.'

સાચો પ્રેમ સિત્તેર, એંસી કે પંચાણુ વરસે પણ પ્રિયજન સાથેપહેલી વાર આંખ મળી હોય તે ક્ષણો સાથે જોડી રાખે છે. એ ક્ષણોને જિંદગીભર સાચવી રાખવા જેવી છે.

❖❖❖

# કેંડલ લાઈટ ડિનર



**આશા વીરેન્દ્ર**

**આ**જે ચિરાગ ઓફિસેથી વહેલો આવી ગયો. મમ્મી-પપ્પા આજે સુરભિનો જન્મદિવસ છે એટલે મારે એને સરપ્રાઈઝ આપવી છે. એક નવી હોટેલ ખૂલી છે એમાં એને ક્યારનું જવાનું મન હતું. મને થયું ચાલ, એના જન્મદિવસ નિમિત્તે એને અને બિટ્ટુને ત્યાં લઈ જાઉં.

આ સાંભળતાંની સાથે પ્રભાતની આંખોમાં ચમક આવી ગઈ. સારું સારું. જઈ આવો. સુરભિનેય સારું લાગશે અને બિટ્ટુ પણ ખુશ થશે.

પપ્પા, આમ તો આપણે બધાં સાથે જતે પણ બ્રૂનોને ક્યાં મૂકીએ ? હોટેલમાં તો પ્રાણીઓને લઈ ન જવાય અને એને એકલો પણ ન મૂકી શકાય. કંઈક સંકોચ સાથે ચિરાગે કહ્યું.

અમે તો ઘણું હરી-ફરી લીધું. હવે કંઈ બહાર નીકળવાની ઈચ્છા પણ નથી થતી. તમતમારે બ્રૂનોની ચિંતા કર્યા વગર જાવ, ને મજા કરો.

હજી તો એ લોકો પાર્કિંગમાં મૂકેલી કાર સુધી પણ નહીં પહોંચ્યા હોય ને પ્રભાત ઊછળી પડ્યો. ઉમળકાથી પ્રતિભાનો હાથ પકડતાં એણે કહ્યું, કહેવાય છે ને કે, તમે સાચા દિલથી કોઈ ચીજ ઝંખો તો એ તમને મળે જ છે. 'જહાં ચાહ, વહાં રાહ.' મેં ઝંખ્યું હતું કે, આજના દિવસે આપણને એકાંત મળે. તે જો મળ્યું ને ?

ધીમેથી એના હાથમાં હાથ છોડાવતાં પ્રતિભા બોલી, એકાંત ? અને આ ઉંમરે ? એવું તો શું ખાસ છે આજના દિવસમાં ?

પ્રભાતનો ઉત્સાહ થોડો મોળો પડ્યો. કેમ, આજનો દિવસ આપણા માટે ખાસ નથી ? તને યાદ તો છે ને કે આજે... હા ભઈ હા, મને બરાબર યાદ છે કે આજે આપણાં લગ્નની એનિવર્સરી છે. હું કંઈ ભૂલી નથી. પણ એનો આટલો બધો હરખ ?

હરખ કેમ ન હોય ? દીકરો, વહુ ને પૌત્ર - એ ત્રણની આસપાસ જ આપણી જિંદગી ફરતી રહે છે. પતિ-પત્નીની એકમેક માટેની પળો પણ હોવી જોઈએ ને ? પછી તો પ્રભાતે પોતે કલકત્તાથી આણેલી મરુન રંગની સાડી પહેરીને તૈયાર થવાનો પ્રતિભાને આગ્રહ કર્યો. બસ, મારે તને એજ સાડીમાં આજે જોવી છે. સાથે ચિરાગનાં લગ્ન વખતે કરાવેલો જડતરનો સેટ પણ પહેરજે.

પતિનો પોતાના માટેનો પ્રેમ જોઈને રાજી થતી પ્રતિભા તૈયાર થવા ગઈ. સજીધજીને એ આવી ત્યારે પ્રભાત એકીટસે એને જોઈ રહ્યો. આટલાં વર્ષેય હજી તું એવી ને એવી જ લાગે છે. ચાલ, આજે તો લગ્નદિનની ઉજવણી કરી જ લઈએ. આજે કેંડલ લાઈટ ડિનર લઈએ.

શું આવાં ઘેલાં કાઢો છો ? દીકરો-વહુ આવી ચઢશે ને જોશે તો મજાક કરશે ને કહેશે કે ડોસા-ડોસીને ઘરડે ઘડપણ આ વળી કેવા ચાળા સૂઝે છે ? ના ના, આવું બધું હવે ન શોભે.

હું તો એવું માનું કે પ્રેમ કરવાની કોઈ ઉંમર નથી હોતી. ને પતિ-પત્ની એકમેકને ચાહે એમાં ખોટું શું છે ? જેને જે બોલવું હોય તે ભલે બોલે. હું તો આપણે માટે ડિનર ઓર્ડર કરું છું અને સાથે એક સરસ મજાની મીણબત્તી પણ મંગાવું છું. પ્રભાતે ફોન કરીને ડિનરનો ઓર્ડર કરી દીધો. પ્રતિભાના મનમાં ફફડાટ હતો. એની નજર સતત ઘડિયાળ પર હતી.

ડિલીવરી બોય હજી ન આવ્યો. ક્યારે એ આવશે, ક્યારે આપણે જમીશું અને ક્યારે હું વાસણ ઠેકાણે પાડીશ ? એટલી વારમાં છોકરાંઓ આવી જશે તો પંચાત થશે.

પ્રભાતે ફરીથી ફોન કર્યો. ડિલીવરી બોય ટ્રાફીકમાં ફસાયો હતો. અંતે પોણા કલાકે જમવાનું આવ્યું ત્યારે પ્રતિભા ઉચાટમાં હતી. હું તો કહેતી જ હતી કે, આવું બધું કરવાનું રહેવા દો. પણ તમે માન્યા નહીં. હવે એ લોકો આવી જશે ને આ બધા પથારા જોશે તો કેવું ખરાબ લાગશે ? કહેશે કે, અમે ગયાં ને પાછળ મમ્મી-પપ્પાએ પાર્ટી કરી....

એનો બબડાટ ચાલુ હતો ને પ્રભાતે બંનેની ડીશમાં પીરસવા માંડ્યું. પરાઠા, પનીર-બટર મસાલા, દાલ ફ્રાય, જીરા રાઈસ, બુંદીનું રાયતું - બધી પ્રતિભાને ભાવતી વાનગીઓ. એણે રૂમની લાઈટો બંધ કરીને પ્રતિભાનો હાથ પકડીને સાથે મળીને મીણબત્તી પ્રગટાવી. ચાલ, બધી ચિંતા છોડીને શાંતિથી જમ. કેટલા વખતે આપણે બે આમ એકલાં સાથે જમવા બેઠાં છીએ !

પણ પેલાં લોકો.... એ લોકો આવી જાય તો આવી જાય, એમાં શું આભ તૂટી પડવાનું છે ! આપણે કંઈ ચોરી થોડી કરી છે ? ને પાર્ટી કરવાનો હક્ક એમને જ છે, આપણને નથી ? ઠીક છે, ચાલો, જલદી જમી લઈએ, જમીને વાસણો એની જગ્યાએ મુકાઈ જાય એટલે બસ.

જમ્યા પછી પ્રભાતે પત્નીને સ્નેહભર્યું આલિંગન આપ્યું. જવાબમાં પ્રતિભા કંઈ કહેવા જાય ત્યાં તો ચાવીથી દરવાજો ખોલવાનો અવાજ આવ્યો. બ્રૂનો ભોં ભોં કરતો દરવાજા તરફ ભાગ્યો. પ્રતિભાનો ચહેરો ફિક્કો પડી ગયો. હજી તો એંઠી ડીશો અને જમવાનાં વાસણો ટેબલ પર જ પડ્યાં હતાં. દીકરા-વહુ આગળ કેવી ફજેતી થવાની !

દરવાજો ખોલીને અંદર આવતાં ચિરાગે પૂછ્યું, ઘરમાં અંધારું કેમ છે મમ્મી-પપ્પા ? લાઈટ ગઈ છે કે શું ? એની પાછળ જ પ્રવેશેલી સુરભિ બોલી ઊઠી, ‘ચિરાગ, બિટ્ટુ, જુઓ જુઓ, દાદા-દાદીનું કેંડલ લાઈટ ડિનર !’

પોતાના હાથમાંનું પાઈનેપલ કેકનું બોક્સ ડાઈનીંગ ટેબલ પર મૂકીને બિટ્ટુ દાદા-દાદીને ‘હેપ્પી એનિવર્સરી’ કહેતાં ભેટી પડ્યો. ચિરાગે કહ્યું, તમે શું એમ માની લીધું કે અમે તમારો લગ્નનો દિવસ ભૂલી ગયા ? આ તો આજના દિવસે તમને બંન્નેને પ્રાયવસી આપવા માટેનો અમારો ખેલ હતો.

કેંડલ તો પ્રગટેલી જ હતી, એના શીતળ અજવાસમાં પ્રભાત અને પ્રતિભાએ એકમેકનો હાથ પકડીને કેક કાપી. કેકનો એક મોટો ટુકડો વહાલા, નટખટ પૌત્રના મોંમાં મૂકતાં પ્રતિભાની આંખોમાં ખુશીનાં આંસુ છલકાયાં. બિટ્ટુએ પૂછ્યું, દાદા-દાદી, તમારાં લગ્ન થયાં ત્યારે હું ક્યાં હતો ?

એના આ નિર્દોષ સવાલ પર સૌ હસી પડ્યાં અને પ્રતિભાના ચહેરા પર છવાયેલાં ચિંતાનાં વાદળો વિખરાઈ ગયાં.

(હરભજનસિંહ મેહરોત્રાની પંજાબી વાર્તાને આધારે)

---

સોયમાં દોરાને બદલે બા હતી;
ગોદડીમાં હૂંફ પણ સીવાઈ ગઈ.
**- ગૌરાંગ ઠાકર**

♦♦♦

શીતળતા પામવાને માનવી તું દોટ કાં મૂકે
જે માની ગોદમાં છે એ હિમાલયમાં નથી હોતી
**- સુરેન ઠાકર ‘મેહુલ’**

♦♦♦

મોહબ્બતના દુ:ખની એ અંતિમ હદ છે,
મને મારી પ્રેમાળ મા યાદ આવી.
**- મરીઝ**

♦♦♦

સ્વર્ગ જેવા શહેરથી પાછો વળ્યો હું ગામમાં,
મા વગર ત્યાં કોણ દેશી ગોળ દે ઘીમાં, મિયાં ?
**- મનોહર ત્રિવેદી**

♦♦♦

ચોરખિસ્સામાં બધાંયે આંસુઓ સંતાડી રાખે છે,
મા સતત પાંપણની પાછળ એક એવું પર્સ રાખે છે.
**- અનિલ ચાવડા**

♦♦♦

રાજી કે ગુસ્સે હવે થાતી નથી
મા અહીં જ છે પણ એ દેખાતી નથી
**- ચંદ્રેશ મકવાણા ‘નારાજ’**

♦♦♦

શ્વાસ મારા એમ કૈં અમથા વધ્યા છે ક્યાં ?
રોજ ખરચાતી રહી છે થોડી થોડી મા.
**- અશોક ચાવડા ‘બેદિલ’**

♦♦♦




તીર્થો બધાય પૂજ્યા, તીરથ ઘણાંય કીધાં,
એકેય જાતરામાં માનો વિકલ્પ ક્યાં છે ?
**- નીતિન વડગામા**

♦♦♦

જગતનાં સર્વ સુખોથી ભલે જીવન સભર લાગે
ખજાનો સાવ ખાલી મા મને તારા વગર લાગે.
**– કિશોર બારોટ**

♦♦♦

સાવ ખાલીખમ હતું; પણ તું હતી તો,
એમ લાગે ખોરડું પગભર હતું, મા !
**- રતિલાલ સોલંકી**

♦♦♦

રહી ના શક્યો સાથે એની શરમ મોકલે છે,
હવે દીકરો શહેરમાંથી રકમ મોકલે છે.
**- ડૉ.મનોજ જોશી ‘મન’**

♦♦♦

છે ખાતરી કે વ્હાલ મા જેવુ જ આપશે;
મળશે જો મોત તો મને રડવા દે નહીં જરાય.
**– સર્જક**

♦♦♦

ત્વચા કપાય તો લોહી અપાર નીકળે છે,
ને બુંદ-બુંદથી માનું ઉધાર નીકળે છે;
ભલેને સાત જનમની મૂડી લગાવી દઉં,
છતાંય માવડી તો લેણદાર નીકળે છે
**- શોભિત દેસાઈ**

♦♦♦

આમ કંઈ ટૂંકૂ પડે તો કોઈને ગમતું નથી
મા છતાં રાજી હતી કે પારણું ટૂંકું પડ્યું
**– ભાવિન ગોપાણી**

♦♦♦

હજી પણ પાતળાં કપડાંથી સૂરજને એ હંફાવે,
હજી મારી મા, પાલવ એટલો દમદાર રાખે છે.
- વિપુલ માંગરોલિયા-વેદાંત

♦♦♦

મા વિશે હું કંઈ લખું, એટલું છે ક્યાં ગજું !
**- ચેતન ફેમવાલા**

♦♦♦

સ્વર્ગમાં હાલરડા એને સંભળાવે કોણ ?
તેથી ઇશ્વર પણ કનૈયો થઈને આવે છે
**– સુરેશ વિરાણી**

♦♦♦

ઠેસ વાગે સાઠ વર્ષે જો અચાનક,
તો ય જોજો ‘ઓય મા’ બોલી જવાશે.
**- ભરત ભટ્ટ - ‘પવન’**

♦♦♦

એક વિધવા મા તો બીજું શું કરે ?
ધીમે ધીમે બાપ બનતી જાય છે.
**- મધુસૂદન પટેલ**

# એક સ્મરણીય પ્રવાસ

સંધ્યા શાહ

રોજિંદા જીવનની ઘટમાળમાંથી છૂટવા માટે મન ક્યાંક ખુલ્લા આકાશ નીચે, વનરાજીની વચ્ચે, નિસર્ગની સંનિધિમાં ક્યાંક કોઈ અજાણી ભૂમિ પર જવા તરસે છે. કોઈ વિગત-કાળના અવશેષોની વચ્ચે વિહરવા ઝંખે છે.

કંઈક આવી જ અનુભૂતિને સાકાર કરવા અમે એક લાલિત્યપૂર્ણ, કળાને સમર્પિત, સુવ્યવસ્થિત 'ગુલાબી' શહેર પસંદ કર્યું - હા, તમારું અનુમાન સાચુ છે. ઈતિહાસને સંચિત કરીને બેઠેલું - રાજસ્થાનની રાજધાનીનું શહેર - જયપુર જવાનું નિશ્ચિત કર્યું. કુશળ રાજનીતિજ્ઞ, ખગોળશાસ્ત્રી, વિદ્યાવ્યાસંગી, ગણિતજ્ઞ અને લલિતકળા પ્રેમી મહારાજા જયસિંહ-II (દ્વિતીય) ની કલ્પના મુજબ સાકાર થયેલું આ શહેર ભારતના Well Planned શહેરોમાં અનોખું સ્થાન ધરાવે છે.

મુંબઈથી 'બાન્દ્રા-જયપુર' ટ્રેનમાં સીધા જ જયપુર પહોંચ્યા. સવારના અત્યંત ખુશનુમા વાતાવરણમાં સહુ પ્રથમ તો અમે **આલ્બર્ટ મ્યુઝિયમ**ની મુલાકાત લીધી. ૧૮૭૫ માં બનેલું, ઉત્તમ સ્થાપત્ય ધરાવતું આ મ્યુઝિયમ વીતી ગયેલા કાળના કેટલાયે અવશેષો સાચવીને બેઠું હતું. રાજાઓના તૈલચિત્રો, વસ્ત્રો, શસ્ત્રો, દેવી દેવતાઓના શિલ્પો, સિક્કાઓના સંગ્રહ બધું જ જોયું. પ્રિન્સ ઓફ વેલ્સ આલ્બર્ટ એડવર્ડની મુલાકાત સમયે આ ઈમારતનો પાયો નંખાયો હોવાથી તેનું નામકરણ આલ્બર્ટ મ્યુઝિયમ રાખવામાં આવ્યું હતું. રાત્રિની રોશનીમાં ઝળહળતું આ મ્યુઝિયમ જયપુરની શોભામાં વૃધ્ધિ કરે છે.

સાંજે **ચોખીદાણી** ગયા. રાજસ્થાની ગીત-સંગીત-નૃત્ય અને આતિથ્યને મોજ ભરીને માણ્યા. ક્યાંક કોઈ જ્યોતિષી, કોઈ જાદુગર, કોઈ બંધ આંખે કોઈ પણ ભાષા ઉકેલી શકતો કલાકાર, કઠપૂતલીઓના નૃત્ય, ખાણીપીણીના અલગ અલગ સ્ટોલ્સ અને રાજસ્થાની ભોજન તો ખરૂં જ. વિશાળ પરિસરમાં ઊંટની સવારી અને હાથીની સવારી પણ ચાલતી હતી. વૈષ્ણોદેવીની પ્રતિકૃતિ સમાન મંદિરમાં અમે પ્રવેશ કર્યો. રાજપૂત રાજાઓની વંશાવલીના મોટા કદના ચિત્રોની ગેલેરી જોવા મળી. વિશાળ ખંડોમાં ઈતિહાસના કેટલાક અમર દશ્યોને શિલ્પો થકી સજીવ કરવામાં આવ્યા હતા. જંગલમાં આશરો લઈ રહેલા રાણા પ્રતાપના બાળકના હાથમાંથી ઘાસની રોટલી લઈ જતો બિલાડો ને પ્રતાપી રાજાની આંખોમાંથી છલકાતી અવશતા.



આલ્બર્ટ મ્યુઝિયમ



ચોખીદાણી

બીજા ખંડમાં હતાશાની એ ચરમ પળોમાં સુવર્ણના સિક્કાઓ (૨૫ હજાર સૈનિકોને બે વર્ષ સુધીચાલે તેટલું ધન) અર્પણ કરતા ભામાશા, ત્રીજા ખંડમાં રાજવંશને બચાવવા પોતાના પુત્રને મૃત્યુને હવાલે કરતી દાસી પન્ના અને હલ્દીઘાટીનું જીવંત યુધ્ધ દર્શાવતા તલવાર અને ભાલા થકી એકમેક સાથે વીરતાથી લડી રહેલા સૈનિકોના બાવલાઓ, દુશ્મન રાજાની અંબાડી પર હુમલો કરતો પ્રાણપ્યારો ચેતક, મૃત્યુને શરણે જતા યોધ્ધાઓના શિલ્પોએ વીતેલો કાળખંડ ઉજાગર કરી દીધો. યુધ્ધની ભીષણતા અને બર્બરતામાં પોતાના શીલનું રક્ષણ કરવા જૌહર કરતી, સળગતી ચિતામાં કૂદી પડતી રાણી પદ્મિની અને એની સાથેની સ્ત્રીઓ - રાણીની પૂજા - સળગતી ચિતા અને એ તમામ સ્ત્રીઓના હાવભાવ હૃદયમાં અંકિત થઈ ગયા. ચિતા તો આજે પણ સળગતી હોય તેવી જ રચના કરી છે. પ્રવાસનના આ ક્ષેત્રમાં બાવલાઓ, પૂતળાઓ કે શિલ્પોના માધ્યમે જે ઈતિહાસ કંડાર્યો છે તે સરાહનીય છે. પ્રાચીન હિંદુ ધર્મની સંસ્કૃતિને ઉજાગર કરતો નદીનો ઘાટ બનાવ્યો છે. ઘાટ પર વિધિ કરતા - પૂજન કરતા ભક્તોના પૂતળા અને નાની નાની દેરીઓ બનાવી છે. અમે તિરૂપતિ મંદિરના ઓટલા પાસે બેસી રહ્યા. શાંત જળમાં પ્રતિબિંબિત થતો પૂનમનો ચંદ્ર, 'ૐ ભગવતે વાસુદેવાય નમઃ' નો ગૂંજતો નાદ વાતાવરણને પવિત્રતાથી સભર કરી રહ્યા હતા. નિઃશબ્દ બની જવાય તેવી શાંત - ગહન અનુભૂતિની એ પળો હતી.


હવા મહેલ

રાજસ્થાનની લોકકળા, વસ્ત્રો, આભૂષણો, કપડાની ઢીંગલીઓ, દોહર, રજાઈ સર્વ કાંઈ વેચાણ કેન્દ્રો પર ઉપલબ્ધ હતું. સમય ક્યારે પૂરો થઈ ગયો તેનું ધ્યાન જ ન રહ્યું.

બીજા દિવસનું અનોખું આકર્ષણ હતો **હવા મહેલ અને આમેર ફોર્ટ**. જયપુરની આગવી ઓળખ સમો, મધપૂડા જેવા આકારમાં રચાયેલો, બેનમૂન કળા અને સ્થાપત્યને પ્રગટ કરતો પાંચ માળનો આ ગુલાબી મહેલ શહેરની વચ્ચોવચ આવેલો છે. તેની ૯૫૩ જેટલી નાનકડી જાળીદાર બારીઓ અને ઝરૂખાઓની રચના એવી રીતે કરવામાં આવી છે કે રાજવી પરિવાર અંદરથી શહેરની ગતિવિધિ નિહાળી શકે પણ પ્રજાજનો તેમને જોઈ ન શકે. મહેલની બારીઓ એવી રીતે બનાવી છે કે વર્ષના બારેય મહિના શીતળ હવા તમને સ્પર્શતી જ રહે.

જયપુરથી ૧૨ કિ.મી. દૂર આવેલા આમેર ફોર્ટનું નામ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદીમાં સામેલ છે. અરવલ્લીની ગિરિમાલા સમીપે આવેલો આ કિલ્લો રાજા માનસિંહે બનાવ્યો છે. અહીં રાજ દરબારમાં રાજ અધિકારીઓની મુલાકાત માટે દિવાને ખાસ, પ્રજાની તકલીફોને ન્યાય આપવા માટે દિવાને આમની વિશિષ્ટ વ્યવસ્થા છે. રાજા માનસિંહને ૧૨ રાણીઓ હતી. પ્રત્યેક રાણીનો અલગ કમરો જે રાજાના કમરા સાથે સંકળાયેલો હોય. રાજા કોઈ પણ રૂમમાં જઈ શકે પણ રાણીઓને રાજાના ખંડમાં જવાની અનુમતિ નહીં. વળી, ૧૨ રાણીઓના આંતરિક ક્લેશને મિટાવવા પણ અલગ વ્યવસ્થા ! ગાઈડ જેમ જેમ બોલતો જાય તેમ હાસ્યની છોળો ઉડતી જાય. અહીંનો શીશમહેલ પ્રેક્ષણીય છે.

જયપુરની આ જ તો વિશેષતા છે. રાજધાનીનું ધમધમતું શહેર હોવા છતા તે પ્રાચીન વિરાસતને જાળવીને બેઠું છે. રાજાઓના વૈભવી આવાસ અને તેમની જીવનશૈલી સદાય આપણને વિસ્મિત કરી દે તેવી હોય છે. 'જલ મહેલ' ને જોઈને આવુ જ કંઈક અનુભવાયું. માનસાગર સરોવરની વચ્ચે રહેલા આ પાંચ માળના મહેલના ચાર માળ પાણીની અંદર હોય છે. ઉનાળાની ગરમીઓમાં ઠંડકનો અહેસાસ કરવા અને રાજાઓને શિકાર કરવા આ બનાવાયો છે. અહીં પાણીમાં વનસ્પતિ અને પંખીઓની ખૂબ વિવિધતા છે. બોટમાં બેસીને અંદર જઈ શકાય છે. પણ અમે તો બહારથી જ જોઈને આગળ વધ્યા.

'Island of Glory' ની આ શહેરની ઓળખ. **City Palace** માં જોવા મળે મોગલ, યુરોપિયન અને રાજપૂતના શૈલીના સમન્વય સમો, લાલ-ગુલાબી રેતીના પત્થરથી બનેલો આ ભવ્ય મહેલ રાજાઓની સમૃધ્ધિ અને વૈભવ પ્રગટ કરે છે. ૧૭૨૭ માં સવાઈ જયસિંહે પોતાની રાજધાની આમેરથી ખસેડીને જયપુર વસાવ્યું. ત્યારે આ મહેલની રચના વાસ્તુશાસ્ત્ર મુજબ કરી મયૂર દ્વાર જેવા અનેક પ્રવેશ દ્વાર, ચંદ્રમહેલ


સિટી પૅલેસ


આમેર ફોર્ટ

અને મુબારક મહેલ જેવા રાણીઓના આવાસ, સુશોભિત બગીચાઓ, કમાનો, છત, છત્ર ને તેની ઉપરના ભવ્ય ઝુમર, ચાંદીના હજારો સિક્કાઓથી બનાવાયેલી ને રાજાના લંડન ગમન વખતે ગંગાજળ ભરીને લઈ જવાયેલી ગંગાજલી (૩૪૫ કિલો વજન ધરાવતી આ ગંગાજલીને ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે.) ખુબ સુંદર છે. મહેલના એક ભાગને મ્યુઝિયમમાં ફેરવી નંખાયો છે જેમાં રાજાને ભેટ મળેલી વસ્તુઓ, શસ્ત્રો, પરિધાન - પશ્મિના શાલ, સિલ્કની સાડીઓ, ૧૦૮ કળી ધરાવતા રાણીના વસ્ત્રો, સોના ચાંદીના ભરતકામ કરેલા રાજાના ઝભ્ભાઓ, સહુથી વધુ વજન ધરાવતા (૨૫૦ કિલો) રાજાના વસ્ત્રો અહીંનું વિશેષ આકર્ષણ હતા. આજે પણ જયપુરનો રાજવી પરિવાર અહીં નિવાસ કરી રહ્યો છે. મ્યુઝિયમમાં સતત ચાલતી ડોક્યુમેન્ટરી રાજાઓના વંશવારસ, તેમના કાર્યો, ઔરંગઝેબથી શરૂ કરી સરદાર પટેલ દ્વારા વિલીનીકરણ થયું ત્યાં સુધીની વિગતો દર્શાવતી હતી. બધું જ ખૂબ રસપ્રદ રહ્યું.

જયપુરનું સહુથી મોટુ આકર્ષણ એટલે **જંતર મંતર.** યુનેસ્કો - વર્લ્ડ હેરિટેજમાં સ્થાન પામેલી આ વેધશાળા દેશ-વિદેશના ખગોળ અને જ્યોતિષ પ્રેમીઓ માટે રસનો વિષય છે. ખગોળ શાસ્ત્રી જ્યોતિષ અને ગણિતમાં અપાર રુચિ ધરાવતા રાજા સવાઈ જયસિંહે ૧૮મી સદીમાં બનાવેલી



જંતર મંતર

આ વેધશાળામાં ૧૯ ખગોળશાસ્ત્રીય સાધનો જેના થકી ગ્રહ-નક્ષત્ર અને સૂર્ય-ચંદ્રની ચોક્કસ સ્થિતિ જાણી શકાય છે. વિશ્વની સહુથી મોટી પથ્થરની સૂર્યઘડી પણ અહીં જ છે. હેરત પામી જવાય એટલી સરળતાથી નરી આંખે જોઈ શકાય તેવી આ અદ્‌ભુત વ્યવસ્થાને ખરે જ સલામ કરવી પડે. જયસિંહે આવી પાંચ વેધશાળા ભારતભરમાં સ્થાપી છે પણ જયપુરની આ વેધશાળા સહુથી વધુ સચવાયેલી છે. પ્રત્યેક પ્રવાસીએ એ જોવી જ રહી.



બિરલા મંદિર

**બિરલા મંદિર**માં રાધા-કૃષ્ણની સુંદર મૂર્તિના દર્શન કર્યા તે આરતીની વેળા હતી. એટલે તેમાં અન્ય ભક્તો અને પ્રવાસીઓ સાથે સહભાગી થવું ખૂબ ગમ્યું.

અને આ બધા સ્થળોની વચ્ચે વચ્ચે જયપુરની બડા બજારને બાપુ બજાર જેવી એકસરખી, એક જ સરખા બોર્ડ ધરાવતી દુકાનોમાંથી ભાવતાલ કરીને ખરીદી કરવાનો લહાવો પણ લીધો.

આ શહેરના ઈતિહાસને સમજવામાં, એના ભવ્ય સ્થાપત્યોના કળાત્મક અંદાજને નિહાળવામાં, રાત્રિના રોશનીથી મઢેલા - ઝળહળતા - જયપુરની શોભા વધારતા એ સ્મારકોને નજર ભરી નીરખી લેવામાં ચાર દિવસ પસાર થઈ ગયા.

હવે અમારો મુકામ હતો ૧૩૦ કિ.મી. દૂર **રણથંભોર નેશનલ પાર્ક**. બેંગાલ ટાઈગર્સ માટેનું આ અભ્યારણ્ય દુનિયાભરના (વાઈલ્ડ લાઈફ) વન્ય ચાહકોનું સ્વર્ગ છે. ૧૬૦૦ ચો.કિ.મી. ના આ વિસ્તારને દસ વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યો છે. ખુલ્લી જીપ અથવા કેન્ટરમાં પ્રવાસીઓને જંગલમાં લઈ જવામાં આવે છે. અમે સહુ સવારની થોડીક વધુ ઠંડીમાં કેન્ટરમાં ગોઠવાયા. વૃક્ષોની લીલી સુગંધ શ્વાસમાં ઊંડે સુધી ભળી ગઈ. વાઘને જોવાની ઉત્તેજના તો હતી જ પણ એથી કાંઈ જંગલના સૌંદર્યને ઓછુ થોડી આંકી શકાય ?

મોર, હરણાંઓ, નીલગાય, મગર અને વિધવિધ પ્રકારના પંખીઓનો મેળો જામ્યો હતો. ટીટોડીને જોઈ તેના બચ્ચાને બચાવવાની બહાદુરીભરી વાર્તા યાદ આવી ગઈ. પાછોતરો વરસાદ થયો હોવાથી જંગલ લીલું હતું. ઠેર ઠેર જળાશયોમાં પાણી છલોછલ હતું. એટલે વાઘ કોઈ એક જ જગ્યાએ આવે તેવું શક્ય નહોતું. એક જગ્યાએ એના પગલા જોઈ અમે ખૂબ પ્રતીક્ષા કરી પણ આ વાઘરાજા તો ટેકરી પર ચડી ગયા હતા. 'સારો સંગાથ પ્રવાસને સુખદ બનાવે છે' એમ મિત્રોની સંગતિમાં ત્રણ કલાક સુધી જંગલમાં વિહરવાનો આનંદ માણ્યો. અમારા બીજા ગ્રુપને વાઘ જોવા મળ્યો એમનો રોમાંચ તો કંઈક ઓર



રણથંભોર નેશનલ પાર્ક



રણથંભોર નેશનલ પાર્ક

જ હતો. રણથંભોરનો કિલ્લો રાજપૂતોના શૌર્યનું પ્રતીક છે. બહુપ્રસિદ્ધ આ પ્રવાસી સ્થળમાં ભગવાન ગણેશ, શિવ અને રામના મંદિર પણ છે

નિરભ્ર આકાશ તળે, ખુલ્લા વાહનમાં જંગલના શાંત વાતાવરણમાં પંખીઓની કિલકારી અને પ્રાણીઓનો સંચાર જોઈ મન તરોતાજા થઈ ગયું. હોટલ પાછા ફરી સામાન કેન્ટરમાં જ નાખી સવાઈ માધોપુર સ્ટેશન પહોંચ્યા અને મુંબઈની વાટ પકડી. આ તો થઈ જયપુર અને રણથંભોરની સૌંદર્યની વાત. હવે વાત કરું અમારી મસ્તીની, તોફાનની, ધમાલની.... અને જલસાની....

સામાજિક વિકાસ અને સંગઠનની સાથે સભાનો એક ઉદ્દેશ સ્વસ્થ નિરામય તંદુરસ્તીનો પણ રહ્યો જ છે. છેલ્લા પાંચ વર્ષમાં **મનમોહક મધ્ય પ્રદેશ** અને **રાજસ્થાન રોયલ**ના બે અત્યંત સફળ પર્યટન કન્વીનર શ્રી મુકેશભાઈના આયોજન હેઠળ સંપન્ન થયા હતા. સહુ આતુરતાથી નવા પ્રવાસની રાહ જોઈ રહ્યા હતા. સભ્યોએ ફરી એક વાર મુકેશભાઈને જ આ કામ સોંપ્યું. **'જયપુર જલસા'** પર્યટનની વાત બહાર આવી ને બે ત્રણ દિવસમાં ૧૦૮ સભ્યો જોડાઈ ગયા. મુકેશભાઈ ચશ્માવાળા, તેમના મિત્ર (જુહુ ચેપ્ટરના) જીતોના વાઈસ પ્રેસીડેન્ટ હિતેશભાઈ મહેતા તથા (સાઢુભાઈ) વઢવાણ મિત્રમંડળ પત્રિકાના તંત્રી શ્રી મુકેશભાઈ આ કાર્યમાં પ્રવૃત્ત થઈ ગયા. એટલું વ્યવસ્થિત કામ કે વખાણ




કરવા માટે શબ્દો ઓછા પડે. ઝા. સભાના ટ્રસ્ટીશ્રી પ્રવીણભાઈ, મહેશભાઈ, મંત્રીશ્રી અતુલભાઈ, અનિલભાઈ, સહમંત્રીશ્રી મુકેશભાઈ, નરેન્દ્રભાઈ, કમિટિ મેમ્બર શ્રી ચેતનભાઈ ગોસલિયા, નિરવભાઈ દોશી, વિજયભાઈ અજમેરા અને તંત્રીશ્રી સંધ્યાબેન આ ટુરમાં સાથે હતા.

'બાંદ્રા જયપુર' ટ્રેનમાં બેસતાની સાથે જ રિઝર્વેશનની બન્ને ટિકીટ, પાણીની બોટલો, નાસ્તો, કેપ બધું જ આપવામાં આવ્યું. એકબીજાને હળતા - મળતા, ગીતો ગાતા, ખુશી પ્રગટ કરતા સુરત આવી ગયું. ભોજન સુરત સ્ટેશનથી આવ્યું. કોલ્ડ ડ્રિંક પીને સહુ મીઠી નિદ્રામાં પોઢી ગયા

પહેલો દિવસ તો Hotel Vesta International, આલ્બર્ટ મ્યુઝિયમ તથા ચોખીદાણીમાં મોજથી પસાર થઈ ગયો.

બીજે દિવસે જલ મહેલ, હવા મહેલ, આમેર ફોર્ટ બધુ જોઈને સાંજે હોટલના બેંક્વેટ રૂમમાં ગોઠવાયા. અમારી સાથે બીટર્સ ગ્રુપના સ્થાપક અને સહયોગી આશિષભાઈ અજમેરા જોડાયા હતા. ૩૨ વર્ષ સુધી દેશ વિદેશમાં સંગીતના અવિસ્મરણીય કાર્યક્રમો આપનાર, ફાલ્ગુની અને મનિષા સાવલા જેવા કલાકારોને તૈયાર કરનાર આશિષભાઈના ગીતોની મહેફિલ શરૂ થઈ ગઈ. એટલો સરસ કંઠ, હિતેશભાઈનો સાથ અને હિંદી ગીતોની સૂરાવલી ભાઈદાસ નાટ્યગૃહમાં કોઈ પ્રોફેશનલ સંગીત સંધ્યામાં બેઠા હોઈએ તેવું લાગ્યું. પછી તો આપણા ઝાલાવાડી કલાકારો પણ તેમાં સાથ આપવા પહોંચી ગયા. અને એ સાંજ સુરીલી બની ગઈ. સાઢુભાઈનો કેમેરો સતત ફરતો રહ્યો, વળી આ દિવસે સહમંત્રીશ્રી નરેન્દ્રભાઈ સંઘવી તથા કમિટિ મેમ્બર નિરવભાઈ દોશીનો જન્મદિવસ હોવાથી કેક મંગાવીને તેની ઉજવણી કરી. સહુએ આ બન્નેને જન્મદિવસની શુભકામનાઓ આપી. નરેન્દ્રભાઈ તથા નિરવભાઈએ સહુને ચોકલેટ ખવડાવીને મીઠુ મોઢું કરાવ્યું.

આમેર ફોર્ટ અને હવા મહેલ જોવા ગયા તે દિવસે મુકેશભાઈએ બહેનો માટે Red તથા ભાઈઓ માટે Black dress Code રાખ્યો હતો. લગભગ તમામ સભ્યોએ એ જાળવ્યો હતો જેમાં પ્રથમ ઈનામ હીનાબેન મુકેશભાઈ ચશ્માવાળાને તથા દ્વિતીય મીનાબેન ધીરજભાઈ શાહ - ઘાટકોપરને મળ્યું હતું. ભાઈઓમાં અનિલભાઈ શાહ - અંધેરીનું 'કાળું લીસ્સુ શર્ટ' ખૂબ પ્રશંસાને પામ્યું હતું. જોકે પ્રથમ ઈનામ પરેશભાઈ શાહ - અંધેરી તથા દ્વિતીય ઈનામ મેહુલભાઈ મહેતાને ફાળે ગયું હતું. નિર્ણાયકો તરીકે દેવીબેન અનિલભાઈ શાહ તથા દીપ્તિબેન અજમેરાએ સેવા આપી હતી.

ત્રીજા દિવસે આરસના સ્વર્ગ સમા **કિશનગઢ**ની મુલાકાત લીધી. આમ તો આરસની ખાણોમાંથી પથ્થર ખોદી લીધા પછી વધેલા કણકણથી બનેલો પરિસર છે. આજકાલ પ્રી-વેડિંગ ફોટોશૂટ કરવા માટેનું આ પ્રિય લોકેશન છે. ફોટામાં બરફનો અહેસાસ કરાવે તેવા આ પોચા અને શુભ્ર પરિસરમાં દૂર સુધી ફરવાની, ફોટા પડાવવાની મજા આવી.

આ ટૂરની વિશેષતા એ હતી કે કોઈ પોતાના બહેન-બનેવીની સાથે તો ઘણા બધા વેવાઈ-વેવાણના લઈને આવ્યા હતા. સહુના પરિવારના નાનકડો ગુચ્છો ઝાલાવાડી સભાના વિશાળ પરિવારમાં ભળી ગયો હતો. બધા જ દિવસ પળે પળે ૧૦૮ સભ્યોની કાળજી કરવામાં મુકેશભાઈ - હિતેશભાઈ અને સાઢુભાઈની સાથે સાથે નિરવભાઈ - મનનભાઈ - નિરાલી, જીત તથા મીત આ યુવાનો આ કાર્યમાં સતત જોડાયેલા રહ્યા. જયપુર હોટલ વેસ્ટા ઈન્ટરનેશનલના આરામદાયક આવાસ પછી રણથંભોરની સુવિધા પણ એટલી જ સંતોષકારક હતી.

જયપુરથી ત્યાં પહોંચ્યા પછીની સાંજ સ્નેહ મિલનના આ સંભારણાને યાદ કરવા માટે રાખી હતી. ડાઈનિંગ રૂમ સાથે જોડાયેલા બેન્ક્વેટ હૉલમાં આ સમારોહ યોજાયો. ચાર મહિનાથી અવિરત મહેનત કરતા ઝાલાવાડી સભાના સહમંત્રીશ્રી, આ પર્યટનના કન્વીનર શ્રી મુકેશભાઈ ચશ્માવાળાને બિરદાવતા આ કાર્યક્રમમાં સંધ્યાબહેને ઝાલાવાડી સભાના ઉદ્દામ ઉદ્દેશો અને કાર્યોની ઝલક આપી આ વિશાળ પરિવાર સાથે જે આનંદની ક્ષણો પસાર થઈ તેની ખુશી વ્યક્ત કરી અને મુકેશભાઈ ત્રિપુટીની કાર્યની ખૂબ સરાહના કરી. મંત્રીશ્રી અતુલભાઈએ સુરેન્દ્રનગર સેનેટોરિયમની વિગતો આપી અને આ ત્રિપુટીને Standing Ovation અપાવ્યું. મંત્રીશ્રી અનીલભાઈએ પંચગીની સેનેટોરીયમના નવીનીકરણની, ઝાલાવાડી સભાની નવી ઓફીસ વિશેની વાત કરી સહુને તેની મુલાકાત લેવાનો અનુરોધ કર્યો. મુકેશભાઈના કાર્યોને વખાણ્યા. સભાના ટ્રસ્ટીશ્રી મહેશભાઈએ માથેરાન સેનેટોરીયમની વિગતો આપી હતી અને આ ટુરમાં આવવાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

ટ્રસ્ટી તથા ઉપ-પ્રમુખ શ્રી પ્રવીણ-ભાઈએ ઝાલાવાડી સભાના કાર્યોની સાથે કાર્યકરોની ઓળખ આપી ઉપસ્થિત કમિટી

મેમ્બર્સને બિરદાવ્યા. મુકેશભાઈના કાર્યોની પ્રશંસા તો દરેકે કરી જ કરી. ટ્રસ્ટીશ્રી પ્રવીણભાઈ તથા મહેશભાઈએ સ્મૃતિ ચિહ્ન, શાલ અને મોતીની માળા થકી મુકેશભાઈ તથા હીનાબેનનું સન્માન કર્યું. અતુલભાઈ તથા નિરવભાઈએ જીતો જુહુના વાઈસ પ્રેસિડેન્ટ હિતેશભાઈ મહેતા તથા શીતલબેનનું સન્માન કર્યું. અનિલભાઈ તથા ચેતનભાઈ ગોસલીયાએ સાઢુભાઈ મુકેશભાઈ તથા ચારૂબેનનું સન્માન કર્યું. આ ત્રણેય પરિવારોએ આ પર્યટનને સફળ બનાવવા અથાક મહેનત કરી હતી. પર્યટનના બધા જ દિવસોને સંગીતસભર બનાવનાર, રાસ અને ગરબાની ધમાલ મચાવનારા આશિષભાઈ અજમેરા તથા દિપ્તીબેનનું સન્માન સંધ્યાબેન તથા વિજયભાઈ અજમેરાએ કર્યું. મુકેશભાઈ ચશ્માવાળાએ આ પર્યટનની વિગતો આપતા જણાવ્યું કે આ પ્રવાસ માટેનું Quotation ૪૧,૫૦૦ મળ્યું હતું. જ્યારે ત્રિપુટીની મહેનતે તે ૨૪,૫૦૦ માં શક્ય બન્યું હતું. ઝાલાવાડી સભાના સભ્યોને જેટલો શક્ય તેટલો ફાયદો કરાવી આપ્યો ને નાનામાં નાની સુવિધાને લક્ષમાં રાખી. શૈક્ષણિક ઉત્કર્ષ યોજના તથા મેડિક્લેમની કન્વીનર હોવાને નાતે તેમણે વિદ્યાર્થીઓને અપાયેલી ૧ કરોડની લોનની વાત કરી હતી. મેડિક્લેમ યોજનામાં ૧૦૦ થી પણ વધુ પરિવારો ભાગ લઈ રહ્યા છે તેવી જાણ કરી હતી. મુંબઈથી જોડાયેલા ૧૦૮ સભ્યોના આ કાફલામાં અઢી વર્ષના બાળકથી લઈને ૮૭ વર્ષના ભાનુબેનનો સમાવેશ થયો હતો એની ખુશાલી વ્યક્ત કરી. બસની વ્યવસ્થા હોટલના રૂમની ફાળવણી અને ટ્રેનની ટિકીટોમાં સહુની લાગણી અને સાથનું ધ્યાન રાખીને આયોજન કર્યું હતું. કાર્યક્રમના સંચાલક, પત્રિકાના તંત્રી સંધ્યાબેનનું ટ્રસ્ટીઓએ સન્માન કર્યું. રણથંભોર નેશનલ રિસોર્ટના અધિકારી આસિફભાઈનું પણ આ તબક્કે સન્માન કરવામાં આવ્યું હતું. સૂત્ર સંચાલક સંધ્યાબેને આ પ્રસંગે જેને પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરવો હોય તેને મંચ પર આવવા આમંત્રણ આપ્યું. ઉપસ્થિત સભ્યોમાંથી મિલિન્દભાઈ શાહ, ભાવેશભાઈ મોદી, હર્ષદભાઈ શાહ, નિરાલી, શ્રધ્ધા, દિપ્તી, વિપુલભાઈ દોશી, દેવીબેન મેહુલભાઈ મહેતાએ આ પર્યટન વિશેની ખુશાલી વ્યક્ત કરી ત્રિપુટી કાર્યકરોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

ખૂબી એ વાતની હતી કે આ કાર્યકરોની પ્રશંસા સાથે જ તમામ વક્તાઓએ ટ્રસ્ટી, ઉપપ્રમુખ અને સભાના સહુથી મોટા દાતા પ્રવિણભાઈની વિનમ્રતા, સૌજન્યશીલતા અને સરળતાની પણ ભારેભાર પ્રશંસા કરી હતી.

એક નવા જ પ્રકારની મેથ્સ હાઉઝીનું મુકેશભાઈ મંડળીએ આયોજન કર્યું હતું. સહુ engross થઈ ગયા હતા. કોઈને માથુ ઊંચુ કરવાની ફુરસદ નહોતી.

આ દિવસે પણ શ્રેષ્ઠ વસ્ત્રોનું ઈનામ રાખવામાં આવ્યું હતું. શ્રેષ્ઠ કપલ તરીકે અનિલભાઈ તથા દેવીબેનને પ્રથમ ઈનામ મળ્યું હતું. ભાઈઓમાં પ્રફુલ્લભાઈ શાહ તથા દ્વિતીય વિપુલભાઈ દોશી - બહેનોમાં શીતલબેન હિતેશભાઈને પ્રથમ તથા દામિની નરેન્દ્રભાઈને દ્વિતીય ઈનામ આપવામાં આવ્યું. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે નિરવભાઈ તથા મનનભાઈએ શ્રેષ્ઠ વસ્ત્રોના નિર્ણાયક તરિકે નયનાબેન શાહ તથા સંગિતાબેન ઠક્કરે સેવા આપી હતી. ઠંડીની સીઝનમાં મસાલા મિલ્ક પીરસવામાં આવ્યું હતું.

આ સ્નેહ મિલનમાં ઝાલાવાડી સભાને લોનાવાલા સેનોટેરીયમના નવીનીકરણ માટે દેવીબેન અનીલભાઈ શાહ તરફથી ૩ લાખ રૂા., નયનાબેન ભાવેશભાઈ મોદી તરફથી ૩ લાખ રૂા., વર્ષાબેન અનીલભાઈ શેઠ તરફથી ૩ લાખ રૂા. તથા દામિનીબેન નરેન્દ્રભાઈ દોશી તરફથી ૧ લાખ રૂા. નું અનુદાન મળ્યું છે. સર્વે દાતાઓને સહુએ હર્ષોલ્લાસથી વધાવી લીધા.

સહમંત્રીશ્રી નરેન્દ્રભાઈ સંઘવીએ આભાર દર્શન કર્યું હતું. જયપુર જલસા ટૂર ખરે જ જલસા સાથે પૂર્ણ થઈ.

❖❖❖

## ભરતી–ઓટ



સમુદ્રને શોભે..!
લાગણીઓને નહીં..!

ભીંજાવું-સૂકાવું
લીલોતરીને શોભે..!
ઊર્મિઓને નહીં..!

ઊગવું-આથમવું
સૂરજને શોભે..!
પ્રેમને નહીં..!

છૂટવું-બંધાવું
હાથને શોભે..!
સાથને નહીં..!

આરંભ-અંત
જીવનને શોભે..!
અનંતને નહીં..!

ખીલવું-કરમાવું
કુસુમને શોભે..!
સ્નેહને નહીં..!

અધિકાર-ફરજ
પારકાંને શોભે..!
પોતીકાંને નહીં..!

માપ-મર્યાદા
નફરતને શોભે..
અમાપ લાગણીઓને નહીં.!

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt પ્રદીપભાઈને મોકલવા વિનંતી.**

લોનાવલા : મિલનભાઈ
**9860125136**
પંચગીની : નિરવભાઈ
**9819012468**

માથેરાન તથા સંસ્થાના અન્ય કામ માટે સભાના મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયાનો સંપર્ક કરવો. **9867748120**

પત્રિકા જાહેરખબર
દેવલાલી :
આશાબેન
**9819956529**

સુરેન્દ્રનગર અતિથિ ભવન
સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ
**9099350644 / 9426756100**
મુંબઈ - મિલનભાઈ તુરખિયા
**9860125136 / 7208472884**

**તા. ૪-૧-૨૦૨૧થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

# 7208472884 • 7208481791 • 7208472744

**ઝાલાવાડી સભાના સભ્યોને વિનંતી કે જેમના વડીલ અવસાન પામ્યા હોય તેમની માહિતી ઓફિસમાં જણાવવી. ઘરના અન્ય વ્યક્તિએ નવું સભ્યપદ લેવાનું રહેશે. આપણા સ્થાનિક પ્રતિનિધિઓ પાસે માહિતી હોય તો ઓફિસમાં જણાવી તેમના ઘરના અન્ય વ્યક્તિને નવા મેમ્બર બનવા માટે જણાવવા વિનંતી.**

**મુંબઈ ઑફિસ**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

# 7208472884 • 7208481791 • 7208472744

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશાં સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ

છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

**આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦**

- રાજેશભાઈ ચીમનલાલ શાહ તરફથી સ્વ. નીનાબેનની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિતે -હસ્તે મિતેષ, કુંજલ, મીત (હાલ - ઘાટકોપર, મુંબઈ) શીતલ, ભાવિનકુમાર, દેવાંશુ મનન (હાલ USA)

## સાભાર સ્વીકાર

વઢવાણ નિવાસી (હાલ - વિરાર) શ્રી શાંતીલાલ શીવલાલ વકીલ પરિવાર તરફથી નરેશભાઈના સ્મરણાર્થે ૧૦૦૦

## વેવિશાળ

| | | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| **અક્ષય** | **ખુશ્બુ** | | |
| શ્રી જયેશભાઈ પ્રવિણભાઈ ભટ્ટના સુપુત્ર ભાવનગર નિવાસી (હાલ - પાર્લા) શ્રી હિતેશભાઈ ભાઈલાલભાઈ પારેખની સુપુત્રી પાળીયાદ નિવાસી (હાલ - ઘાટકોપર) | | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **શ્રેયસકુમાર** | **અનોખી** | | |
| શ્રી સંદીપભાઈ નટવરલાલ ગોપાણીના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ - વિલેપાર્લા) શ્રી મનીષભાઈ નૌતમલાલ બાવીસીની સુપુત્રી ચરેલ નિવાસી (હાલ - અંધેરી) | | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **મિત** | **યેશા** | | |
| શ્રી રાજેશભાઈ લલીતચંદ્ર શાહના સુપુત્ર મુળી-નંદરબાર નિવાસી (હાલ - નવી મુંબઈ) શ્રી કિરણભાઈ ભોગીલાલ કોઠારીની સુપુત્રી પાળીયાદ નિવાસી (હાલ - થાણા) | | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **આકાશ** | **દેવાંશી** | | |
| શ્રી નરેશભાઈ ગાંડાલાલ ગોપાણીના સુપુત્ર રાણપુર નિવાસી (હાલ - સાયન) શ્રી તુષારભાઈ ચંપકલાલ નાણાવટીની સુપુત્રી સુરત નિવાસી (હાલ - પ્રાર્થના સમાજ મુંબઈ) | | ૫૦૧ | ૫૦૧ |
| **શ્રેણીક** | **ખુશ્બુ** | | |
| શ્રી હરેશભાઈ મણીભાઈ શાહના સુપુત્ર ખંભલાવ - લીંબડી નિવાસી (હાલ - ઘાટકોપર) શ્રી જનકભાઈ વૃજલાલ ચભાડીયાની સુપુત્રી ઊજલવાવ-ભાવનગર નિવાસી (હાલ - ઘાટકોપર) | | ૫૦૦ | ૫૦૦ |
| **દર્શીત** | **સંજના** | | |
| શ્રી કૌશિકભાઈ શાંતિલાલ બખાઈના સુપુત્ર વેરાવળ નિવાસી (હાલ - માટુંગા) શ્રી જયેશભાઈ લલ્લુભાઈ દોશીની સુપુત્રી સુરેન્દ્રનગર નિવાસી (હાલ - સાંતાક્રુઝ) | | ૫૦૦ | ૫૦૦ |
| **કીતેશ** | **નિરાલી** | | |
| શ્રી કેતનભાઈ જ્યોતીન્દ્રભાઈ નટવરલાલ શાહના સુપુત્ર ધાંગધ્રા નિવાસી (હાલ - ઘાટકોપર) શ્રી મનોજભાઈ જગદીશભાઈ ડાહ્યાલાલ દફતરીની સુપુત્રી ધાંગધ્રા નિવાસી (હાલ - કાંદિવલી) | | ૫૦૦ | ૫૦૦ |
| **જય** | **જિનાલી** | | |
| વઢવાણ નિવાસી (હાલ - પાર્લા) શ્રી નિતિનભાઈ કેશવલાલ શાહના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ - (ઘાટકોપર) શ્રી પરેશભાઈ રમણિકલાલ બગાડીયાની સુપુત્રી | | ૫૦૦ | ૫૦૦ |
| **જય** | **હિરલ** | | |
| શ્રી શિરિષકુમાર પ્રવીણચંદ્ર દોશીના સુપુત્ર રાણપુર (ચુડા) નિવાસી (હાલ - કાંદિવલી) શ્રી દિનેશભાઈ વેરસી ગડાની સુપુત્રી સિયાસર (કચ્છ) નિવાસી (હાલ - મુલુન્ડ) | | ૨૫૧ | ૨૫૧ |

## પ્રભુતામાં પગલાં

**જીગીતા - પ્રતીક**

શ્રી ઉમેશભાઈ ચંદુલાલ શાહની સુપુત્રી જોરાવરનગર નિવાસી (હાલ -સાંતાક્રુઝ) શ્રી હસમુખભાઈ મોહનભાઈ ચુડાસમાંના સુપુત્ર મહુઆ નિવાસી (હાલ - ભાયંદર) ૫૦૧ ૫૦૧

### એક અપીલ




**પંચગિની સેનેટોરિયમ માં લિફ્ટ માટે રૂ ૧૧ લાખ**

**નવા રૂમ માટે રૂ ૫ લાખ**

**આંગણામાં ગઝેબો માટે રૂ ૩ લાખ**

**ની અપીલ કરીએ છીએ ઝાલાવાડી સભાના આ સુંદર સેનેટોરિયમનું નવિનીકરણ હાલ માં જ સંપન્ન થયું છે. ફક્ત આ ત્રણ બાબતો બાકી છે. આપના સહકાર ની પ્રતીક્ષા.....**

# ચોકિયાત



**હર્ષદ ત્રિવેદી**

નંદાબાએ પરસાળ ઉપર જુવારના દાણા નાંખ્યા ને સામેના લીંબડે બેઠેલો મોર મોટા ફફડાટ સાથે નળિયાં ઉપર આવ્યો. છક્ છક્ અવાજ કરતો મોભારેથી નેવે અને એક નાનકડી ઉડાન સાથે સીધો જ પરસાળ ઉપર. ચાંચ નાંખે ને દાણા ફેલાતા જાય. થોડી વારમાં આખું ફળિયું દાણા દાણા થઈ ગયું. ડેલીમાંથી લપાતી છુપાતી આવતી હોય એમ બે ઢેલ આવી. મોરની કલગી ઉપર-નીચે આમતેમ થવા લાગી. ચપોચપ દાણા ઊપડવા લાગ્યા ને મોરના પગથી જમીન ઉપર ભાત રચાવા લાગી. નંદાબા તો દાણા નાંખીને સીધાં ખોડિયારમાના ઓરડે પૂજા કરવા ચાલ્યાં ગયાં. ભાણીબા મોર અને ઢેલને જોઈ રહ્યાં. એક ઢેલ મોરની નજીક આવી, એની પાંખમાં મોરે ચાંચ નાંખી કે તરત જ બીજી ઢેલે ડચ્ય્ ડચ્ય્ એવો અવાજ કર્યો અને મોર પીઠ ફેરવી ગયો, ચુપચાપ દાણા ચણવા લાગ્યો. દાણા ચણતાં ચણતાં એ વચ્ચે વચ્ચે ડોક આમતેમ કરી લેતો. પળ વાર થંભીને ઊંચે જુએ.....થોડી વાર પીંછાં થથરાવેને વળી પાછો ચણવા લાગી જાય.

રસોડામાં મામીસાહેબ રોટલા ઘડી રહ્યાં હતાં એના ટપકારા સંભળાતા હતા. ભાણીબાને જાણે બીજું કંઈ કામ જ ન હોય એમ નિરાંતે માથું ઓળવા બેઠાં. એમણે ઓશરીના જેર ઉપર બેસીને વાળ છોડ્યા. લાંબા-વાંકડિયા વાળ નીચે લાદીમાં ગૂંચળુંવળીને પડ્યા. બાજુમાં પડેલો કાંસકો હાથમાં લે અને વાળમાં મૂકે એ પહેલાં ખોંખારો સંભળાયો. કાકુભા એટલે કે મામાસાહેબ ઉતારેથી રે ઓરડા તરફ આવી રહ્યા હતા. ભાણીબાએ બંને હાથ ઊંચા કરીને વાળ ભેગા કરી લીધા ને ફટાફટ ઢીલો અંબોડો લઈ બાજુમાં ઊભાં રહી ગયાં. નીચી નજરે ભાણીબા સામે જોઈને કાકુભા અંદરના ઓરડે ગયા, મિજાગરાના ચઈડ....ચૂં.... અવાજ સાથે કબાટ ઊઘડ્યો, કંઈક ખાંખાંખોળા ને કબાટ બંધ! કાકુભા કોઈને કંઈ પૂછ્યાગાછ્યા વિના પાછા ઉતારે ચાલ્યા ગયા.

ભાણીબાને થયું કે, કહો ન કહો પણ આજ મામાસાહેબ કંઈક ઉચાટમાં છે એટલું નક્કી! અચાનક એમને ખ્યાલ આવ્યો કે મામાસાહેબને કદાચ મામીસાહેબનું કામ હતું પણ પોતાને જોઈને ઉતારે તો નહીં ચાલ્યા ગયા હોય ? મામીસાહેબે છેલ્લો રોટલો ઘડીને તાવડીમાં નાંખ્યો એટલે ભાણીબાએ કહ્યું, ''મામીસા'' આ રોટલો હું ઉતારી લઈશ. તમે જાવ, કદાચ મામાસાહેબને તમારું કામ છે....'' હાથ ધોઈને મામીસાહેબ ઓરડે આવ્યાં. ફરી એક ખોંખારો ને મામાસાહેબ પાછા ઓરડે.....ફરી કબાટના મિજાગરાનો અવાજ!

નંદાબા અને ભાણીબા બેય મામા-ફૈની બહેનો. બંને વાતે વળી. ભાણીબાએ કહ્યું, 'નંદાબા! આ માગશરે તો તમે ચાલ્યાં... પછી હું અહીં એકલી પડી જઈશ!' નંદાબા જરા કોઠાડાહ્યાં એટલે કહે કે, 'આવતા માગશરે તો ભાણીબા તમેય અહીં નહીં હો... એયને મજાના જલસા કરતાં હશો તમારે સાસરે !' ભાણીબાની આંખો ભીની થઈ ગઈ... એ મનોમન બોલ્યા કે 'તમારું ઠેકાણું તો બહુ પહેલેથી નક્કી થઈ ગયેલું... મારું તો આ દુનિયામાં મામાસાહેબ અને મામીસાહેબ સિવાય છે કોણ ? જનમ દેનારાં તો ગયાં મને અહીં મૂકીને મોટે ગામતરે ! ને મામાસાહેબ તો તમારું આણું કરશે પછી વાંહે રહેશેય શું તે મારું કરે ?' નંદાબા એ વણ કહેલા શબ્દો જાણે સાંભળી ગયાં હોય એમ હળવે રહીને કહે, 'આપડી ઉપાધિનું ઈમાં કાંઈ નો હાલે.... સઉસઉનાં ભાગ્ય હોય છે ને ?'

ઓરડે મામાસાહેબ અને મામીસા કંઈક ગુસપુસ કરી રહ્યાં હતા. મામીસાનો અવાજ સંભળાયો.... 'કંઈક તો કરવું પડશેને ? નો હોય તો વ્યાજવા લઈ આવો... હળવે હળવે બધું ભરશું...બે-પાંચ વરહે વ્યાજમાંથીય છૂટાં થઈ જાશું....જો આવતું વરહ સારું આવેતો... પણ કરીએ તો બેયનું હારે... અને હા, ભાણીબા તો નંદાબા કરતાંય છ-સાત મહિના મોટાં છે.... એને ઓછું નો આવવા દેવાય.'

ભાણીબાનું નામ પડ્યું ને કાકુભાની આંખ આગળ બહેનબા અને બનેવીસાહેબના ચહેરા તરવરી રહ્યા. પળ વાર ડૂમો ભરાઈ ગયો. બચપણમાં બંને ભાઈ-બહેન એકબીજાંને કેવાં ચીડવતાં એ બધું યાદ આવી ગયું. કાકુભા જાણે કશુંક ગળી જતા હોય એમ થૂંક ઉતાર્યું, પણ બહેનબા અને બનેવીસાહેબની નનામીઓ મનમાંથી આઘી ખસતી નહોતી. ભાણીબાને મામાસાહેબને ત્યાં મૂકીને બંને જણ કાશીએ જાતરા કરવા ગયેલાં, જાતરા જાતરાને ઠેકાણે રહી ને અચાનક હોડી ઊંધી વળી ગઈ.... ઘડી વારમાં તો ખેલ ખલાસ ! બનેવીસાહેબ જેવો જે તરવૈયો પણ ગંગામૈયાના આવેગ સામે લાચાર થઈ ગયો! હોડીમાં તો બીજાં ઘણાંય હતાં પણ આ બંનેનું ટાણું આવી ગયેલું ! એ દિવસની સંધ્યાએ ગંગાના પ્રવાહમાં તરતા દીવાઓમાં બે દીવા ઓછા હતા એની જાણ તો છેક છે ચાર

દિવસે થયેલી. ત્યારની ઘડી નેઆજનો દી' ! મામાસાહેબ અને મામીસાએ ભાણીબાને નંદાબાની જેમજે જ આંખનું રતન માનીને ઉછેર્યાં.

ઘરના નોકર દૂદાએ એકા ઉપરથી કૂદકો માર્યો. મોર અને ઢેલ ત્રણેય ઊડી ગયાં. દૂદાએ બળદને છુટ્ટો કર્યો કે તરત એ ગમાણ પાસે જઈને ઊભો રહી ગયો. એક્કા ઉપર મોટું પીપ આડું પાડીને ગોળ લોખંડની પટ્ટીઓથી ફિટ કરાવેલું. દૂદો દિવસમાં પાંચ-છ વાર એકો લઈને પાણી ભરવા કૂવે જાય. આખા ઘરનું પાણી એણેજ સારવાનું. કૂવો તો કાકુભાના ફળિયેજ હતો પણ એમાં પાણી ન રહ્યું એટલે ગામ કૂવેથી મંગાવવું પડતું.

નંદાબાએ દૂદાને જોયો કે તરત બાપુ સામે જોઈને બોલ્યાં, 'બાપુ ! તમને કહી કહીને થાકી, આ કૂવો દહ-પંદર હાથ ઊંડો ઉતરાવો તો પાણીની બલા ટળે ! પણ તમે તો આખો દી' ડાયરામાંથી જ ઊંચા નથી આવતા ! પાણીની બહુ તાણ્ય પડે છે...નહાવું-ધોવું કેમ ? આ તો ઠીક છે કે દૂદો છે... નહિતર...

માથે બાંધેલું ફાળિયું ઠીક કરતાં બાપુએ વાતાવરણને થોડું હળવું કરવાનો પ્રયત્ન કર્યો. હસતાં હસતાં કહે કે 'નવાય જ નહીં, નાય ઈ નરકે જાય...!'

નંદાબા અનેભાણીબા ખખડી પડ્યાં.

'તમે કહેતા હશો તો હું નરકે જઈશ ! પણ નાહ્યા વિના તો નંઈ જ ચાલે !' મામીસાહેબે અંદરથી ટહુકો કર્યો.

કાકુભાને ખ્યાલ પણ ન રહ્યો ને અચાનક બોલી પડ્યા, 'હા, હવે તો કૂવા જ ઊંડા કરવાના છે ને !' એ ઊભાં થઈને વળી ઉતારા તરફ ચાલી નીકળ્યા. આજે એમની દોડધામ વધી પડી હતી. ઉતારેથી રે ઓરડે ને ઓરડેથી ઉતારે !

વાત જાણે એમ હતી કે માગશરમાં આણું કરીને નંદાબાને વળાવવાનાં હતાં. મામીસાહેબનો આગ્રહ એવો કે 'બેયનું હાર્યે જ કરવું. ભાણીબાનુંતો આમેય કોણ કરવાવાળું છે ? આમ જુઓ તો બહેનબાના સાસરિયે ક્યાં મેલ્યો મારગેય હતો ? પણ ભાયાતુંએ બધું પડાવી લીધું....આટલાં વરસ વીતી ગયાં પણ ભાણીબાનો કોઈએ ગંધ બરોડોય ન લીધો ! વળી, મારી દીકરી નંદાબાને આણે વળાવું ને ભાણીબાનું ન કરું તો લોક વાતું કરે... લોક તો મૂઆં જે કહે ઈ, પણ નંદાબાના આત્માને કેટલું દુઃખ પહોંચે ?'

ધીરે ધીરે કરતાં જેમજે ફળિયાના કૂવાનાં પાણી ઊંડાં ઊતરતાં ગયાં એમ જ કાકુભાનું ઘર ઘસાતું ગયેલું. એક પછી એક બધું પગ કરી જવા લાગ્યું. છેલ્લે એક વાડી ને આ ડેલીબંધ મકાન બચેલાં. દીકરીઓને તો ગમેતેમ કરીને વળાવી દેવાય, પણ પછી શું ? કાકુભાથી કંઈ મજૂરી તો થાય એમ નહોતી. મજૂરી માટે શરીર અને આબરૂ એકેય રજા આપે નહીં ! બેય માણસ અંદરથી કોચવાતાં જાય ને મારગ ફંફોસતાં રહે..... આવી પીડા કહેવીય કોને ? જ્યાંવાત નાંખો ત્યાં ઉકેલ આવવાને ઠેકાણે હાંસી થાય ! નંદાબાના સાસરેથી રે કહેણ ઉપર કહેણ આવેને કાકુભાની હરફર વધી જાય. અમથા અમથા વલોવાયા કરે... બેય દીકરીઓ અને મામીસાહેબ ખોખારા ઉપરથી કાકુભાની પરિસ્થિતિ વરતી જાય. એકબીજાંને સહુ લાચાર નજરે જોયાં કરે. કાકુભા કોઈ દિવસ નહીં ને આજે ઊભા પગેરોંઢો રોં કરવા બેઠા. મનમાં ચાલતી ગડમથલ છૂપી રહે એમ નહોતી. ડૂચા વાળતા હોય એમ રોંઢો રોં કરીને તરત ચાલતા થયા. હાથમાં લીધી લાકડી નેવાડી તરફ પગ ઉપાડ્યા. એમને જતા જોઈને ઘોડીએ હણહણાટ કર્યો. કાકુભાએ હણહણાટ સાંભળ્યો ન સાંભળ્યો કરીને ચાલવા માંડ્યું. આખે રસ્તે વિચારતા રહ્યા, ભાણીબાનું આણુંય હારોહાર થઈ જાય તો રંગ રહી જાય ! પણ વાસ્તવિકતા એ હતી કે એમનું આણું તો થઈ જાય પણ એ પછી પોતાના જીવતરનો રંગ ઊપટી જાય...! કાકુભાએ જોયું કે મોટાભાગનાં જીંડવાંમાંથી કપાસ બહાર આવવા મથી રહ્યો છે. લચી રહેલા કપાસને વીણીને ઠેકાણે પાડવાનો સમય પાકી આવ્યો છે. થોડાં ઘણાં જીંડવાં બાકી છે એય બે-ચાર દિવસમાં ઊઘડી જશે.

આ વખતે જો છેલ્લી ઘડીએ ભાવ બેસી ન જાય તો નાંખી દેતાંય પચાસેક હજાર તો ઊપજે જ. એ વાડીના કૂવે ગયા. એમના પગરવને કારણે એક કબૂતર ફડફડાટ કરતું ઊડ્યું ને સામેની પીંપળ ઉપર જઈને બેઠું. કાકુભાને થયું કે પાછળ ને પાછળ બીજું કબૂતર ઊડશે જ, પણ એમ ન થયું. એ બીજું કબૂતર કૂવામાંના ગોખલામાં જ બેસી રહ્યું.

નંદાબા અને ભાણીબાના ચહેરા તરવરી રહ્યા. એ ઈચ્છતા હતા કે બંને કબૂતર ઊડી જાય પણ.... કાકુભાનો કાબૂ જાણે જાત ઉપર ન રહ્યો. એમણે અચાનક તાળીઓ પાડી અને મોટેથી હાંકોટો કર્યો. કૂવામાં બેઠેલા કબૂતરે ઊડવાનો પ્રયાસ કર્યો પણ કોણ જાણે કેમ એ એક ગોખલામાંથી ઊડીને સામેના બીજા ગોખલામાં જઈ બેઠું ! કાકુભા જાણે જીદે ચડી ગયા. એમણે જોરજોરથી હાંકોટા કર્યા...તાલીઓ પાડી.... છેવટે કબૂતરે હતું એટલું જોર કર્યું ને જોરદાર ફફડાટ સાથે એ કૂવાની બહાર નીકળ્યું ને ઊડી ગયું....

કરિયાવરની ગડમથલમાં પડેલા કાકુભાને હૈયે ઉચાટ ફરી વળ્યો. વિચાર્યું કે આ વખતે અનોપચંદ શેઠને કહીએ તોય પૈસા મળે એમ નથી. આગળનો હિસાબ જ એટલો બધો ખેંચાતો આવે છે કે..... બહેનબા અને બનેવીસાહેબની

ગેરહાજરીમાં લોક તો ઠીક, કે બે દિવસ વાત કરીને બીજા રવાડે ચડી જાય, પણ વેવાઈને શું જવાબ દેવો ? એમનું મગજ ચકરાવેચડી ગયું. ઘડીભર લાગ્યું કે પોતે કૂવામાં ફંગોળાઈ જશે કે શું ? એમણે પ્રયત્નપૂર્વક પોતાની જાતને ત્યાંથી ખસેડી લીધી, ફાટફાટ થતા કપાસ ઉપર ઠેરવી. પણ, એમને એ કપાસને એની પાછળ કરેલી મહેનત પોતાની ન લાગી. લચી પડેલા એક જીંડવામાંથી એમણે થોડો કપાસ ખેંચ્યો. બેય હાથની આંગળીઓથી તાણા છુટ્ટા કરતા જાય ને પાછા ભેગા કરતા જાય. કપાસ તૂનતાં તૂનતાં ખ્યાલ આવ્યો કે ધારણા કરતાં વધારે સારો પાક ઊતર્યો છે. ભાવેય ઠીક આવશે....! પોતાના હાથમાં રહેલા કપાસમાંથી એમણે દિવેટ વણી. પીપળ નીચે આવેલી સુરધનની દેરી તરફ પગ વાળ્યા. જોડા કાઢીને કુંડીના પાણીથી પગ ધોયા. દેરી આગળ બેસી પડ્યા ને બોલ્યા, 'હે દાદા ! તું કરે એ ખરું !' હાથ લંબાવીને જુએ છે તો ડાબલીમાં ઘી સાવ થોડું જ બચ્યું હતું. ડાબલીમાં આંગળી ગોળ ગોળ ઘસી. આંગળીની ગરમીથી જ ઘી ઓગાળ્યું. જેમે તેમ દિવેટ બોળી અને કોડિયામાં મૂકી. ખિસ્સામાંથી લાઈટર કાઢીને દીવો પ્રગટાવ્યો. ફાળિયું ઉતારીને પગે લાગ્યા. આખી વાડીને આંખમાં ભરી લેવી હોય એમ નજર ફેરવી, મનમાં કશોક સંકલ્પ કરીને પગ ઉપાડ્યા.

✧✧✧

ગામ આખામાં વાહ વાહ થઈ ગઈ. લોક વાતો કરે કે કાકુભાએ પ્રસંગ બહુ સારો કર્યો. બેય દીકરીયુંનાં ખાંડાંવળાવ્યાં.... ભરોટાં ભરીને કરિયાવર દીધો ! પાછો વળી વિવેકેય કેવો કે નંદાબા કરતાં ભાણીબાને બે તોલા ને અગિયાર જોડ વધુ ! દરબારગઢની હાર્યે વહવાયાંય પેટ ભરીને જમ્યાં. બે દી' તો ગામ જાણે રંગે ચડ્યું'તું... કાકુભાના ઉમંગમાં બાકી કહેવા પણું નહીં !

બેય દીકરીઓ સાસરે ગઈ. ઘર તો જાણે સાવ સૂનો માળો ! ચરકલડીઓના ચિચિયારા હવામાં ઓગળી ગયા. કાકુભા આખો દિવસ બસ ઉતારે જ પડ્યા રહે.... ઓરડે આવવાનું તો સાવ ભૂલી જ ગયા. આ બાજુ ઠકરાણાંય ખોબે આંસુડે રડતાં રહે... જાણે ઘરમાં બીજું કોઈ છે જ નહીં ! વાસણ કૂસણથી માંડીને નાના વાછડા સહિત બધાંય મૂંગામંતર ! એકલો દૂદો તે વળી બાનું મનોરંજન કરી કરીને કેટલુંક કરે ?

દૂદાએ જાણી જોઈનેપૂછ્યું, 'બા, તમે હા કહેતાં હો તો હું નંદાબાને સાસરે એકાદ આંટો દઈ આવું ?'

'નો જવાય, દૂદા ! હજી હમણાં તો દીકરી વળાવ્યાં છે, તું જા તો અવળો અરથ થાય... એમનાં સાસરિયાંને લાગે કે અમે તને ચર્યા જોવા મોકલ્યો છે !'

'પણ બા, કપાહ ભેળાં થ્યેલાં ટમેટાંનો પાર નથી. હું ટમેટાંનું પોટલું દેતો આવુંને નંદાબાનું મોઢુંય જોતો આવું !'

ઠકરાણાંનેએ વિચાર ઠીક લાગ્યો. કહે કે, 'કાલ વાડીએ જાજે ને ટમેટાંની બેફાંટ ભરતો આવજે ! ભાણીબાય નંદાબાથી આઘાં નથી. બે ગાઉ વધારે.... એક ફાંટ ત્યાંય દેતો આવજે...' આછો ખોંખારો સંભળાયો ને એ બંનેને ખાતરી થઇ ગઈ કે એમની વાત કાકુભા સાંભળી ગયા છે. કોઈ દી' નહીં ને આજે એ જેર ઉપર જ બેસી પડ્યા. દૂદાને બે અડાળી ચા લાવવાનું કહ્યું. દૂદો અંદર રસોડે ગયો ન ઠકરાણાં તો જાણે ભીંતમાં જ જડાઈ ગયાં હોય એમ સ્થિર થઇ ગયાં. એમનો આત્મા રડતો હતો પણ આંખમાં એક આંસુય ન દેખાયું. એકદમ એ કાકુભા પાસે આવીને બેસી પડ્યાં. નીચી નજરે મૂંગાંમૂંગાં બેઠેલાં ઠકરાણાંની પીઠ ઉપર બાપુ હાથ પસવારતા રહ્યા. દૂદાએ કાચની રકાબીઓ ખખડાવી ત્યારે બેયને ખબર પડી. એમણે જરા પણ હાલ્યા ચાલ્યા વિના ઠકરાણાંનો વાંસો પસવારવાનું ચાલુ રાખ્યું અને દૂદાને કહ્યું, 'તુંય અહીં બેસ, તું ક્યાં પારકો છો ?'

દૂદાએ કીટલીમાંથી બંને રકાબીમાં ચા કાઢી. કાકુભાએ એને ત્રીજી રકાબી લઇ આવવા કહ્યું..... દૂદો ગયો એવો જ આવ્યો.... 'તું અહીં બેસીને અમારી ભેળો ચા પી !' સઈડ સઈડ અવાજ સાથે દૂદાએ ચા પીવાની શરૂઆત કરી. કાકુભાનો ખોંખારો બહાર આવતાં આવતાં જ જાણે અટકી ગયો. દૂદો ને ઠકરાણાં બંને સ્થિર નજરે જોઈ રહ્યાં.

'વાત જાણે એમ છે કે આપડે વાડી કાઢી નાંખી ! અનોપચંદ શેઠને દઈ દીધી....ખાબધાબ ! એટલે હવે કપાહ કે ટમેટાં ઉપર આપડો હક નો લાગે....'

ઠકરાણાં હળવે સાદે બોલ્યાં, 'થઈ રિયું ! એક આ વાડી હતી તેમનમાં થડકો ન હોતો ! તમારાથી તો મજૂરીય થાય ઈમ નથી.... શું કરશું ? હવે તો ઉપરવાળો જ ધણી....! ખરું કરે ખોડીયાર !'

કાકુભાએ ઠકરાણાંને ધરપત આપતાં કહ્યું, 'એમ કંઈ સાવ એવું યે નથી ! આપડે રોજ વાડીએ તો જાવું જ પડવાનું..... વાડીએ ગ્યા વિના રોટલોય શેં ગળે ઊતરે ? વાડીએ તો રોજ જાવાનું.... ન્યાં જ રે'વાનું.... શેઠે મને નોકરી જ વાડીની દઈ દીધી !' કહે કે, 'કાકુભા, તમે જ આજથી એના ચોકિયાત !' એક ઊંડો શ્વાસ લઈને કાકુભા બોલ્યા, 'વાડી શેઠની ને આપડે જ ચોકિયાત ! એટલે નંઈ ચિંતા ખાતરની કે નંઈ ઉપાધિ પાણીની.... એયને બસ પીંપર ના ટાઢે છાંયડે હિલ્લોળા મારવાના...' આખા ઓરડામાં ચોકિયાત શબ્દ ગૂંજી રહ્યો. દૂદો સહેજ પણ અવાજ ન થાય એમ રકાબીઓ ભેગી કરીને કીટલી લઈને ચાલતો થયો...

❖❖❖

# શિવલો



**ચંદ્રકાંત શેઠ**

**મા**રે આજે વાત કરવી છે ભવાઈમાં ઊતરનારા શિવલાની. આમ તો એનું નામ હતું શિવશંકર; પણ અમે તેને 'શિવલો' જ કહેતા. શિવલાનો ચહેરો-મહોરો ખૂબ આકર્ષક, ગોળ, નમણો ચહેરો, વાંકડિયા વાળ ને હટ્ટોકટ્ટો. ઓછું બોલે, પણ બોલે ત્યારે મર્માળું બોલે ! આમ તો ઊંચી નજરે જોવાની એની આદત નહીં, મિત્રો સાથેય જીભાજોડીમાં ઊતરે નહીં; મૂંગો મૂંગો બધું જોયા કરે ને મનમાં વાગોળ્યા કરે ! ભવાઈમાં એ કેટલીક વાર  રંગલોયે થાય ને જરૂર પડ્યે રંગલીયે થાય ! જેવા સંજોગ ! પણ શિવલા વિના ભવાઈ ન રમાય એ નક્કી !

શિવલો આમ તો સાવ નિરુપદ્રવી કહેવાય એવો. એ ભલો ને એનું કામ ભલું. એ એકલો. નહીં માબાપ, નહીં ભાઈ-બહેન. ગામના છેવાડે આવેલા એક જર્જરિત ખોરડામાં રહે ! નાનો હતો ને માબાપ ગુજરી જતાં મામા-મામીના પનારે એ પડેલો. મામી ભારે વસમાં. ડગલે ને પગલે મહેણાં-ટોણાં મારે. મામાને ચડાવે ને મામાયે ક્યારેક અકળાઈને શિવલાને ઢોર માર મારી પોતાની દાઝ કાઢે. કેટલાક દિવસ તો શિવલાએ આ ત્રાસ વેઠ્યો. પણ એક દહાડો, રાત માથે થઈ, ચુપચાપ મામાનું ઘર છોડી અહીં આવી પેલા ઓરડામાં રહેવા લાગેલો. ઘરમાં ઘરવખરી જેવું કાંઈ નહીં. ચૂલો ભાંગેલો. એકાદ માટલું ને એકાદ હાંડલી. એક-બે કોડિયાં ને ફુલડી - આ એનો રસોડાનો સામાન. ખોરડાની બહાર માટીનો ઓટલો કરેલો. એના પર ફાટેલો કોથળો નાખી રાતની ઊંઘ ખેંચી કાઢે. સવાર પડે કે તળાવ-કૂવે નીકળી પડે. નાહી-ધોઈ પાછો ફરે. બેચાર જોડ કપડાં ધુએ, સૂકવે ને પહેરે; ધુએ સૂકવે ને પહેરે.

કેટલીક વાર એકલો એકલો ગાય પણ ખરો. ગળું સાકર ભરેલું. ગાય ત્યારે ગળ્યું લાગે ! રાત પડ્યે ભવાઈની મંડળીમાં હાજર, ને ત્યારે એ જે ખૂલે... એ જે ખીલે... વાત જ ન પૂછો ! દુ:ખના ડુંગરાઓ માથે તૂટી પડ્યા તોય એ અડીખમ રહ્યો ! આંખોમાં અવારનવાર પાણી ઊભરાઈ આવે, પણ તેથી તો એ જાણે આવો લીલોછમ રહ્યો ! સૌ એને વહાલ કરતાં... સૌને એ વહાલો લાગતો.

શિવલો જ્યારે ભવાઈમાં રંગલા રૂપે અવતરતો ત્યારે કંઈ જુદો જ લાગતો ! એનામાં આટલું ટીબળ, આટલી બુદ્ધિની ચમક ને અબરાકી, આટલી બધી વાણીની ચતુરાઈ - આ બધું ક્યાં સંતાડી રાખેલું એણે ? એના વેણે વેણે, એના ....... જોનારા પેટ પકડીને હસતા ! ગંભીરતાની ગબ્બર જેવા આ ભાઈમાં સમજુતી આવી જબ્બર રેલછેલ હશે એની ખરેખરી ખબર તો એના ભવાઈ ખેલ જોતાં જ પડતી. આબાલવૃદ્ધ સૌ એની ગાયકીની, એની અદાયગીની મોકળા મને તારીફ કરતાં.

શિવલો આખી રાત ભલે ભવાઈમાં રમતો હોય, સવારે કુકડો બોલે કે એ ખડો થઈ જાય એના ખોરડે. ખભે રૂમાલ, થેપાડું ને ફુલડી લઈ નીકળી પડે તળાવ તરફ જવા. તળાવ કમળથી શોભતું. આ તળાવના કારણે કોઈ ઈચ્છે તો ગાયને 'કમળ-નયન' નામ આપી શકે ! શિવલો ટૂંકી ચડ્ડી પહેરી, ઉઘાડે શરીર તળાવમાં પડે ને કલાકેક સહેજેય કાઢે. કોઈને કમળ લાવી આપે તો કોઈને કમળકાકડી. કોઈને કમળનાં પાના પણ તોડી લાવીને દે. તળાવમાં માછલું તરે એમ તે તરતો ! તળાવ જાણે એની માવતરનો ખોળો ન હોય ! ખૂંદતાં થાકતો નહીં. તળાવમાં એક દિવસ એ મોજથી નાહતો હતો અને ત્યાં ઓવારે ગામના સરપંચની છોકરી કમુ કપડાં ધોવા માટે આવી લાગી. એણે ઓવરિ પગ મૂકતાં જ તળાવમાં નિરાંતે તરતા શિવલાને જોયો ને એય પેલી તળાવની કમલિનીની જેમ ખીલી ઊઠી ! કમુએ માથેથી કપડાં ભરેલી તાંબાકુંડી ઓવારે ઉતારતાં કહ્યું : 'કેમ શિવલાભાઈ ! આજે કંઈ તળાવમાં વહેલા વહેલા ?'

'આવતો જ હોઉં છું આ ટાઈમે, નાહવા માટે !'

'એમ કે ?'

શિવલો મૂંગો રહ્યો. કમુએ ફરીથી બોલવાનું શરૂ કર્યું :

'શિવલાભાઈ, આમ એકલા એકલા નાહો છો તો જોડે અમનેય નવડાવતા હો તો ?'

શિવલો મૂંગો રહ્યો. થોડુંક મલક્યો ને પછી ડૂબકી મારી નીકળ્યો. કમુથી ખાસ્સો વેગળો - દૂર ! કમુ એને જોતી જ રહી !

પછી તો કમુ અવારનવાર આવી ચડતી કપડાં ધોવા - શિવલો તળાવમાં તરવા પડ્યો હોય ત્યારે. કોઈ વાર રસ્તામાં સામસામે મળી જવાય તો શિવલો નીચે મૂંડીએ એના પડખેથી પસાર થઈ જતો.

એક વાર તો સરપંચની પેલી છોકરીએ સામે ચાલીને સંભળાવ્યું :

'ઓહો ! શિવલાભાઈ ! તમે તો મિયાંની મીંદડી જેવા છો, હોં ! આમ સાવ નીચી મુંડીએ જાઓ છો તો જરા ઊંચું મોં કરી અમારી તરફ તો આંખ મીંઢો. અમે કંઈ વાઘણ નથી કે તમને ખાઈ જઈએ ! અમનેય તમારી બે મીઠી બોલ સાંભળવાનું ગમે ને ! આમ અમ છોકરીઓની જેમ શરમાતા કરશો તો અમારે તો તમને ચૂંદડી લાવીને ઓઢાડવી પડશે !

શિવલો આવી કમુવાણીનોયે સ્વાદ મૂંગો મૂંગો માણી રહેતો. ના કોઈ હાવભાવ, ના કોઈ ફરક ! શિવલાની આવી ખામોશીથી કમુને ઓર છંછેડી ! એક વાર તો શિવલો તળાવમાં નાહતો હતો ને કમુ ઓવારે કપડાં ધોતી હતી. શું થયું ને કમુની ઓઢણી પાણીમાં સરકી, કમુ પણ એ ઓઢણી સાથે સરકી. એ તો સારું હતું કે શિવલો ત્યારે એની નજીકમાં જ તળાવમાં તરતો હતો. એણે કમુને પાણીમાં સરકતી જોઈ ને મગરમચ્છની સ્ફૂર્તિથી એણે પાણીમાં ઉછળી કમુનો હાથ પકડી લીધો ને કમુ તો સીધી જ વળગી પડી એની કોટે ! શિવલો માંડ માંડ એને ખેંચીને ઓવારે લાવ્યો. કમુ સભાન થઈ ગઈ ને આ બાજુ શિવલો પાછો સરકી ગયો તળાવમાં ! કમુ એને તરતો જોતી જ રહી... જોતી જ રહી...

સમય તો સસલાની ઝડપે દોડતો - કૂદતો આગળ વધતો જ જાય છે. સરપંચે એમની એકની એક કમુ માટે શહેરનો એક સધ્ધર મુરતિયો શોધી કાઢ્યો. કમુને તો એ અંગે કશુયે પૂછવામાં પણ ન આવ્યું. ગાયની જેમ એને બાપની આંગળીએ દોરાવાનું હતું.

કમુનાં લગ્નનો દિવસ મુકરર થયો. લગ્નના આગલા દિવસે ગરબા ગોઠવ્યા. તે દહાડે ગામના સારામાં સારા ઢોલીડાને બોલાવેલા ને સાથે શિવલાને પણ. સરપંચસાહેબને ત્યાં અવસર અને તેઓશ્રીનો હુકમ, માથે ચડાવ્યે જ છૂટકો. કમુનાં લગ્નની આગલી રાત્રે સાજનમાજન ભેગાં થયાં. ઢોલીડા આવ્યા, સાથે શિવલોય આવ્યો ! શિવલાને નાચનારીનાં કપડાં પહેરાવેલાં. સજધજ થયેલો શિવલો કમુથીયે વધારે આકર્ષક લાગતો હતો ! શી એની છટા ! શા એના હાવભાવ ! તાલ ને ઠેકા તો એના જ. ગળામાં જાણે શરણાઈના સૂર ભરીને આવેલો. એના નાચગાને સરપંચનું ફળિયું આખું રૂમઝૂમ રૂમઝૂમ નાચી ઊઠ્યું !

કમુની સાહેલીઓ કમુને ખેંચી લાવી ગરબામાં. ઢોલની ઢમક સાથે શિવલાની ઠમક બરોબર જામેલી ને એમાં કમુની ચમક ભળી ! પછી તો પૂછવું જ શું ? આખું વાતાવરણ સૂરગુલાલે રંગાઈ ગયું ! શિવલો જાણે પોતાનું જ લગ્ન હોય એવા જોમજુસ્સાથી બરોબર નાચેલો. સરપંચે પણ એના નાચ પર ઓળઘોળ થઈ, એને નાણાકોથળી દેવા માંડી, પણ શિવલાએ એ નહીં લીધી. છેવટે સરપંચ આગ્રહપૂર્વક એને પાઘડી બંધાવેલી. શિવલો એ પાઘડી સાથે જ વિદાય થઈ પોતાના પંડ જેવા પોતાના ખોરડાને અને કમુ વિનાના સૂના ગામને જાણે તાળુ મારીને એ નીકળી પડ્યો... આજ દિન સુધી કોઈને નથી એની ખેરખબર મળી, નથી પત્તો મળ્યો !

મારી કલમેય હવે શિવલાની આંગળી પકડ્યા વિના એક અક્ષર પણ આગળ વધવાની ના પાડે છે. માટે હવે અહીં અલમ્.

❖❖❖

## શ્રેષ્ઠતા



સભા ભરચક હતી. વક્તા અસ્ખલિત પ્રભુ-પ્રેમ વિશે બોલી રહ્યા હતા. વચ્ચે વચ્ચે દાખલા પણ આપતા. વક્તા વિલક્ષણ હતા, ભક્ત હતા, સ્વાભાવિક છે કે ભક્તને જ્ઞાન સહજ જ હોય.

સભામાં એક જ્ઞાની પણ હતા, તેમને વિચાર આવ્યો કે આ વક્તા કરતાં મેં વધુ જ્ઞાન મેળવ્યું છે. શાસ્ત્રોનું અધ્યયન કર્યું છે. વાણી પણ મારી પ્રભાવશાળી છે, તો લોકો કેમ મને નથી જાણી શકતા ? આના કરતાં મને વધુ સન્માન મળવું જોઈએ.

વક્તા પોતાના જ્ઞાનબળે, આ જ્ઞાનીના વિચારોને પામી ગયા તેમણે પોતાનું વક્તવ્ય આગળ વધારતાં દાખલો આપ્યો, ''ભાઈઓ... ફાનસમાં તેલ અને પાણી હોય છે. એક વખત પાણીએ કહ્યું કે હું તારા કરતાં શ્રેષ્ઠ છું. છતાંય તું મારા ઉપર સતત પથરાયેલું કેમ રહે છે ? એટલે તેણે ઉત્તર આપ્યો કે તલરૂપે હું જમીનમાં દટાયું. છોડ બની કપાયું, કચરાવું, પાણીમાં પિલાયું, અને છેલ્લે લોકોને પ્રકાશ આપવા અગ્નિમાં બળ્યું, આ શ્રેષ્ઠતા એમને એમ નથી આવી.''

સભામાં બેઠેલ જ્ઞાનીએ પ્રણામ કર્યા. ક્ષમા માગી અને પોતાને શિષ્ય તરીકે સ્વીકારવા વિનંતી કરી. વક્તાએ કહ્યું, ''આજથી સભા-ઉપદેશ અને વાતો પણ બંધ, કારણ કે આટલું કર્યું એટલે આટલું મળ્યું, આવું મિથ્યાભિમાન મેં આટલાં વર્ષ પોષ્યું, હજી મારે જ સાધનાની જરૂર છે, માટે તમે મને ક્ષમા કરો...''

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન
# શ્રીમતી ચંપાબેન દીપચંદ ડુંગરશી તુરખિયા
# ગ્રુપ મેડિક્લેમ યોજના

